પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૩૭, કુલ પાના:૪, તારીખ: ૦૫-૧૦-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 37 PRICE :-RS. 1.50 DATE : 05-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ઉત્તર પ્રદેશમાં કારથી કચડતા ૮નાં મોત : ભારે રોષ

લખીમપુર,
ઉત્તર પ્રદેશમાં બે કાર નીચે ખેડૂતોને કચડી નાખવામાં આવ્યા હતા જેમાં ચાર ખેડૂતોના મોત નિપજ્યા હોવાનો આરોપ સંયુક્ત કિસાન મોરચાએ લગાવ્યો હતો. એવામાં સંયુક્ત કિસાન મોરચાએ દેશના દરેક જિલ્લા કલેક્ટરની ઓફિસની બહાર ધરણા પ્રદર્શનોની જાહેરાત કરી છે. સોમવારે ખેડૂતો આ ઘટનાના વિરોધમાં એકઠા થશે અને પ્રદર્શનો કરશે તેમ ખેડૂત નેતા યોગેન્દ્ર યાદવ અને દર્શન પાલે કહ્યું હતું. ખેડૂતોએ સુપ્રીમ કોર્ટના વર્તમાન ન્યાયાધીશની દેખરેખ હેઠળ આ સમગ્ર ઘટનાની તપાસની માગણી પણ કરી છે.ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરી વિસ્તારમાં ઉપ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યના એક કાર્યક્રમ પહેલા ખેડૂતો અને ભાજપના નેતાઓની વચ્ચે હિંસક ઘર્ષણ થયું હતું. ભાજપના નેતાએ ખેડૂતો પર પોતાની એસયુવી કાર ચલાવી દીધી હતી. જેમાં ત્રણ ખેડૂતોના મોત નિપજ્યા હોવાનો આરોપ ખેડૂત સંગઠનોએ લગાવ્યો છે જ્યારે અનેક ખેડૂતો ઘવાયા હતા. આ ઘટના બાદ રોષે ભરાયેલા ખેડૂતોએ ભાજપના નેતાઓની કારો સહિતના વાહનોને આગ લગાવી દીધી હતી અને રોડ જામ કરી દીધો હતો. ખેડૂતો વિવિધ માગણીઓને લઈને ખેડૂત મંત્રીના વિરૂદ્ધમાં પ્રદર્શન કરી રહ્યા હતા, આ દરમિયાન ભાજપનો કાફલો પસાર થવાનો હતો તે રોડ પર ઉભા રહી ગયા હતા અને ઉપ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યના કાફલાને કાળા વાવટા દેખાડયા હતા. આ દરમિયાન જ ભાજપના નેતાઓ અને ખેડૂતો વચ્ચે હિંસક ઘર્ષણ થયું હતું. જેમાં આઠ લોકો માર્યા ગયા છે. ૧૦ જેટલા ખેડૂતો ઘાયલ થઈ ગયા હતા અને માર્યા ગયેલામાં ત્રણ ખેડૂતો હોવાનો દાવો સંગઠનોએ કર્યો હતો. આ ઘટના બાદ રોષે ભરાયેલા ખેડૂતો બાદમાં વિફર્યા હતા. એડીજી એસએન સાબતે કહ્યું હતુ કે અત્યાર સુધી ત્રણ ખેડૂતોના મોત નિપજ્યા છે. ખેડૂત સંગઠનોનો દાવો છે કે ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરીમાં આંદોલન કરી રહેલા ખેડૂતો પર રાજ્ય કક્ષાના કેન્દ્રીય ગૃહ મંત્રી ટેનીના પુત્રએ કાર ચડાવી દીધી હતી. જેમાં ત્રણ ખેડૂતોના સ્રથળ પર જ મોત નિપજ્યા હતા. આ ઘટના બાદ ખેડૂત નેતા રાકેશ ટીકૈત દિલ્હીના ગાઝીપુરથી ઉત્તર પ્રદેશ આવવા માટે રવાના થઈ ગયા હતા. આ મામલા પર પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે ટ્વિટર વડે આકરા પ્રહારો કર્યા હતા. લખીમપુર ખીરીના તિકુનિયામાં આયોજીત થનારા કુશ્તી કાર્યક્રમમાં ઉપ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય પહોંચે તે પહેલા અહીં કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતો કાળા વાવટા લઈને ઉભા રહી ગયા હતા. એવામાં જ્યારે ભાજપના નેતાઓનો કાફલો પસાર થયો ત્યારે ખેડૂતો અને નેતાઓ બન્ને આમને સામને આવી ગયા હતા. ભાજપના નેતાએ ખેડૂતો પર કાર ચલાવી દીધી હતી. જે દરમિયાન અનેક ખેડૂતો ઘવાયા હતા જ્યારે ત્રણના મોત નિપજ્યા હતા. જે વિસ્તારમાં આ ઘટના બની તે તિકુનિયામાં કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્ર ટેનીનું ગામ આવેલુ છે. હાલ ઘટના સ્રથળે પોલીસનો કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. બીજી તરફ સ્વબચાવમાં કેન્દ્રીય મંત્રી અજય કુમાર મિશ્રાએ દાવો કર્યો હતો કે મારો પુત્ર ઘટના સમયે ત્યાં હાજર જ નહોતો અને તેનો વીડિયો તરીકે મારી પાસે પુરાવા પણ છે. જ્યારે જે લોકો માર્યા ગયા તેમાં ત્રણ ભાજપના કાર્યકર્તાઓ અને એક અમારા કાફલાના ડ્રાઈવરનો સમાવેશ થાય છે. આમ માર્યા ગયેલાઓમાં ખેડૂતો અને ભાજપ કાર્યકર્તા બન્ને હોવાનો દાવો સામસામે કરવામાં આવી રહ્યો છે.

## મોઘવારીની ચપાટ : મુંબઈમાં પેટ્રોલ રૂ. ૧૦૮.૪૩ના સ્તરે પહોંચ્યો




નવી દિલ્હી,
એલપીજીના ભાવ છેલ્લા એક મહિનામાં ૭૭૫ ડોલરથી ૭૯૭ ડોલર થઈ ગયા છે, પરંતુ પેટ્રોલિયમ કંપનીઓએ તેનો પૂરો બોજ ગ્રાહકો પર નથી નાંખ્યો. એક સપ્તાહથી ઓછા સમયમાં પેટ્રોલના ભાવમાં આ પાંચમો વધારો છે. તેનાથી દેશના અનેક શહેરોમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર રૂ. ૧૦૦ને પાર થઈ ગયો છે. આ જ રીતે ૧૦ દિવસમાં ડીઝલના ભાવમાં આઠ વખત વધારો કરાયો છે. તેનાથી મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, આંધ્ર પ્રદેશ તથા તેલંગાણાના અનેક શહેરોમાં ડીઝલ પણ પ્રતિ લીટર રૂ. ૧૦૦ની સપાટીને વટાવી ગયું છે. સરકારી ઓઈલ કંપનીઓએ ૨૪મી સપ્ટેમ્બરથી ઈંધણના ભાવમાં ફરી સંશોધન શરૂ કર્યું છે. ૨૪મી સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં ડીઝલ પ્રતિ લીટર રૂ. ૨.૧૫ મોંઘું થયું છે જ્યારે પાંચ વખતના ભાવવધારા સાથે પેટ્રોલ પ્રતિ લીટર રૂ. ૧.૨૫ મોંઘું થયું છે.જુલાઈ અને ઓગસ્ટમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ ઘટયા પછી દિલ્હીમાં પેટ્રોલ પ્રતિ લીટર ૬૫ પૈસા અને ડીઝલ પ્રતિ લીટર ૧.૨૫ રૂપિયા સસ્તા થયા હતા.દેશમાં પેટ્રોલ અને ડીઝલમાં ફરી એક વખત ભાવ વધારાનો દોર શરૂ થયો છે, જેને પગલે બંને ઈંધણના ભાવ દરરોજ નવી વિક્રમી સપાટી બનાવી રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલમાં રવિવારે સતત ચોથા દિવસે પેટ્રોલમાં પ્રતિ લીટર ૨૫ પૈસા અને ડીઝલમાં પ્રતિ લીટર ૩૦ પૈસાનો વધારો કરાયો હતો. જોકે, ટોચના સરકારી અધિકારીઓનું કહેવું છે કે સરકારી ઓઈલ કંપનીઓએ ગ્રાહકોને રાહત આપવા માટે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાનો પૂરો બોજ તેમના પર નાંખ્યો નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ ત્રણ વર્ષની ટોચે પહોંચી ગયા છે ત્યારે ભારતમાં બ્રિટન જેવી સ્થિતિ ન સર્જાય તેનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. સરકારી ઓઈલ કંપનીઓએ રવિવારે સતત ચોથા દિવસે પેટ્રોલ અને ડીઝલમાં ભાવ વધારો કર્યો હતો. જેને પગલે દિલ્હીમાં પેટ્રોલ રૂ. ૧૦૨.૩૯ની નવી ટોચે પહોંચી ગયું છે. મુંબઈમાં પણ તેનો ભાવ પ્રતિ લીટર રૂ. ૧૦૮.૪૩ થયો છે. દિલ્હીમાં ડીઝલનો ભાવ પણ રૂ. ૯૦.૭૭ની નવી વિક્રમી ટોચે પહોંચ્યા છે. મુંબઈમાં ડીઝલનો ભાવ પ્રતિ લીટર રૂ. ૯૮.૪૮ થયો છે. અમદાવાદમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર રૂ. ૯૯.૧૮ અને ડીઝલનો ભાવ પ્રતિ લીટર રૂ. ૯૭.૮૦ થયો છે. પેટ્રોલિયમ સચિવ તરુણ કપૂરે કહ્યું કે સરકારી ઓઈલ કંપનીઓ પડતર કિંમત સાથે રીટેલ ભાવના તાલમેલનો જાતે જ નિર્ણય લઈ રહી છે, પરંતુ સાથે તેઓ એ પણ સુનિશ્ચિત કરી રહી છે કે બજારમાં ભાવમાં વધારે પડતા ઉતાર-ચઢાવની સ્થિતિ સર્જાય નહીં. સરકાર પણ સ્થિતિ પર નજર રાખી રહી છે અને ક્રૂડ ઓઈલમાં વૈશ્વિક ઉતાર-ચઢાવની અસરને દેશમાં મર્યાદિત રાખવામાં આવે તે પણ સુનિશ્ચિત કરવામાં આવે છે. છેલ્લા કેટલાક દિવસમાં ભારત દ્વારા આયાત કરાયેલા ક્રૂડ ઓઈલનો સરેરાશ ભાવ અંદાજે ત્રણ વર્ષની ટોચે પ્રતિ બેરલ ૭૬.૭૧ ડોલરના સ્તરે પહોંચી ગયો છે. સ્થાનિક સ્તરે ભાવ નિશ્ચિત થાય છે તે પેટ્રોલના આંતરરાષ્ટ્રીય ભાવ એક જ દિવસમાં પ્રતિ બેરલ ૮૫.૧૦ ડોલરથી વધીને ૮૭.૧૧ ડોલર થયો છે જ્યારે ડીઝલનો ભાવ પ્રતિ બેરલ ૮૫.૯૫ ડોલરથી વધીને ૮૭.૨૭ ડોલર થયો છે. અન્ય એક અધિકારીએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવમાં અચાનક આવેલી તેજી અને વૈશ્વિક સ્તર પર ઉત્પાદનમાં અવરોધો સર્જાતા રિટેલ ભાવમાં વધારો જરૂરી બની ગયો છે, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે કિંમતોમાં થયેલા વધારાનો સંપૂર્ણ બોજ ગ્રાહકો પર નાંખવામાં નથી આવ્યો. વૈશ્વિક સ્તરે જે સ્થિતિ પ્રવર્તી રહી છે તેના કરતાં ભારતમાં વધુ સારી સ્થિતિ છે. બ્રિટનમાં તો પેટ્રોલ પંપો ખાલી થઈ ગયા છે. ભારતમાં તમને આવી સ્થિતિ જોવા નહીં મળે.



ગુજરાતમાં રેતી ખનન કરતા માફિયાઓએ માઝા મુકી છે એવામાં ડેસર તાલુકાના ગુલાબપુરા પાસે ઘણા સમયથી રેતી ખનન થવાની ફરિયાદો સામે આવતા વડોદરા ખાણ ખનીજ વિભાગના કર્મચારીઓ દ્વારા રેડ કરતા તમામ માફિયાઓ પોતાના સાધનો છોડીને જતા રહ્યા હતા આ તમામ સાધનો જપ્ત કરી ડેસર પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી કરવા સોંપી દેવાયા.

## કૃષિ કાયદા પર પ્રતિબંધ લગાવી દીધો છતાં રસ્તા પર પ્રદર્શન કેમ? : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી,
કિસાન મહાપંચાયત નામના એક સંગઠને દિલ્હીના જંતર મંતરમાં કૃષિ કાયદાના વિરોધમાં સત્યાગ્રહ કરવાની મંજૂરી માંગી હતી. પાછલા સપ્તાહે થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે સંગઠનને તે પૂછ્યું હતું કે શું તે મહિનાથી હાઈવે બંધ કરી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનમાં સામેલ છે? સંગઠન તરફથી આજે દાખલ એફિડેવિડમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હીની સરહદ પર રસ્તા રોકી બેઠેલા સંગઠનમાં તે સામેલ નથી. તે જંતરમંતર પર સત્યાગ્રહ કરવા ઈચ્છે છે. જસ્ટિમ એએમ ખાનવિલકર અને સી ટી રવિકુમારની બેંચે તેના પર કહ્યુ- પરંતુ તમે રાજસ્થાન હાઈકોર્ટમાં કૃષિ કાયદાને પડકાર્યો છે. જ્યારે એક વાર તમે કોઈ મુદ્દાને કોર્ટમાં ઉઠાવી ચુક્યા છે, ત્યારબાદ તમે કઈ રીતે વિરોધ પ્રદર્શન કરી શકો છો? કોર્ટે કહ્યું કે, તે કિસાન મહાપંચાયતની અરજીને રાજસ્થાન હાઈકોર્ટથી પોતાની પાસે ટ્રાન્સફર કરી લેશે અને તેની સુનાવણી પર મુદ્દા પર પેન્ડિંગ બીજી અરજીઓની સાથે કરવામાં આવશે.સુપ્રીમ કોર્ટે આજે પૂછ્યું કે જ્યારે કૃષિ કાયદા પર પ્રતિબંધ લગાવી દીધો છે અને કેન્દ્ર પણ કહી ચુક્યુ છે કે હાલ તેને લાગૂ કરવા ઈચ્છતું નથી તો વિરોધ પ્રદર્શન કઈ વાત પર થઈ રહ્યું છે? કોર્ટે કહ્યું કે, તે આ પાસા પર સુનાવણી કરશે કે જો કોઈ મુદ્દા પર કોર્ટનો દરવાજો ખખડાવવામાં આવે છે તો શું ત્યારબાદ પણ તેને રસ્તા પર વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી આપવી જોઈએ?

## ગુજરાતની નવી સરકારનો રોજગારીની નવી તકો ઉપલબ્ધ કરવાનો નિર્ણય

ગાંધીનગર,
રાજ્ય સરકાર દ્વારા રાજ્યના શિક્ષિત યુવાઓને રોજગારી પ્રાપ્ત થાય એ માટે રોજગારીની નવી તકો ઉપલબ્ધ બનાવીને ખૂબ જ ટૂંકા સમયગાળામાં ભરતીપ્રક્રિયાનું આયોજન કરાયું છે. આ નિર્ણયના ફળસ્વરૂપે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદ્દઢ બનશે તેમજ આ ભરતીને લીધે પોલીસદળમાં વધુ સંખ્યામાં કર્મચારીઓ ઉપલબ્ધ થવાથી ગુજરાતના નાગરિકોને વધુ સારી પોલીસસેવા પ્રાપ્ત થશે અને રાજ્યની સુરક્ષામાં વધારો કરવા માટેના રાજ્ય સરકારનાં પગલાં વધુ બળવત્તાર બનશે.રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદૃઢ બને એ માટે કોવિડને કારણે પેન્ડિંગ રહેલી પોલીસ વિભાગની ભરતીની કાર્યવાહી ઝડપથી થાય એ હેતુથી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રાજ્યના ગૃહ વિભાગ હસ્તક વિવિધ પોલીસ સંવર્ગની ૨૭૮૪૭ જગ્યા ભરવાનો મહત્ત્વનો નિર્ણય કરાયો છે, એમ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૃહમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ ટૂંકા સમયગાળામાં ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૧ને રવિવારના દિવસે ભરતી બોર્ડના અધ્યક્ષો સાથે બેઠક યોજીને સવિસ્તૃત સમીક્ષા કરી હતી અને ભરતીપ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માટે તમામ ભરતી બોર્ડના અધ્યક્ષોને જરૂરી આદેશો કર્યા હતા. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે રાજ્યમાં બિનહથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, હથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, ઈન્ટેલિજન્સ ઓફિસર, બિનહથિયારી આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર, લોકરક્ષક તથા મોટર ટ્રાન્સપોર્ટ અને વાયરલેસ જેવા ટેક્નિકલ સંવર્ગોના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને ટેક્નિકલ ઓપરેટર તથા હોમગાર્ડ્સ અને ગ્રામ રક્ષકદળની મળીને અંદાજિત ૨૭૮૪૭ જગ્યા માટે ભરતીનું આયોજન આગામી ૧૦૦ દિવસમાં કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

## ચીને અક્સાઈ ચીનમાં પોતાની મિલિટ્રી શહેર બનાવ્યાની રાવ



નવી દિલ્હી,
ચીને ભારતની સરહદો પર રશિયાની અત્યાધુનિક એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ તૈનાત કરી દીધી છે. ભારત સરકારે ચેતવણી આપી છે કે ચીન એલએસી પર સૈનિકોની સંખ્યા વધારી રહ્યું છે. એટલું જ નહીં ચીની સૈન્ય સતત અક્સાઈ ચીન વિસ્તારમાં રાતના સમયે હુમલા કરવાનો અભ્યાસ કરી રહ્યું છે. પરીણામે ચીન ગલવાન હિંસાનું પુનરાવર્તન કરવાનું કાવતરું રચી રહ્યું હોવાની આશંકાઓ પ્રબળ બની છે. ભારતીય વિદેશ મંત્રાલયે પણ જણાવ્યું હતું કે, ચીને એલએસી પર મોટાપાયે સૈનિકો અને હથિયારો તૈનાત કર્યા છે. જોકે, ચીનના કોઈપણ દુસ્સાહસનો જડબાતોડ જવાબ આપવા માટે ભારતે પણ પર્વતીય વિસ્તારોમાં પર્યાપ્ત સૈનિકો નિયુક્ત કરવાની સાથે કે-૯ વજ્ર હોવિત્ઝર તોપો પણ ગોઠવી છે. આ તોપોનું ઉત્પાદન હજીરા ખાતે થયું છે.પૂર્વીય લદ્દાખમાં ફોરવર્ડ વિસ્તારોમાં ચીની સૈન્યે તેના સૈનિકોની સંખ્યા વધારી હોવાના ભારતના આર્મી ચીફ મનોજમુકુંદ નરવાણીના દાવા વચ્ચે ચીને તેના કબજા હેઠળના ભારતીય વિસ્તાર અક્સાઈ ચીનમાં મોટાપાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું હોવાનો એક સેટેલાઈટ તસવીરે ઘટસ્ફોટ કર્યો છે. આ તસવીરમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ચીન અક્સાઈ ચીનમાં મોટાપાયે મિલિટ્રી કેમ્પ, ઘર, રસ્તા બનાવી રહ્યું છે. સેટેલાઈટ તસવીરોમાં અક્સાઈ ચીન વિસ્તારમાં ચીનના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઓળખી કઢાયા છે. ચીને સરહદ પાસે સૈન્યના કેમ્પ બનાવ્યા છે. સમયે સમયે આવતા અહેવાલોમાં દાવો કરાયો છે કે તેમાંથી અનેક કેમ્પ સ્થાયી છે, જે કોંક્રિટથી બનેલા છે, જ્યાં પીએલએના જવાનો છે. આ વિસ્તારમાં ચીને એવા મકાનો બનાવ્યા છે, જેના પર હવામાનની વિપરિત પરિસ્થિતિઓની કોઈ અસર થતી નથી. ચીને જે વિસ્તારોમાં કેમ્પ બનાવ્યા છે તેમાં ગલવાન ઘાટીનો પણ સમાવેશ થાય છે, જ્યાં ગયા વર્ષે બંને દેશો વચ્ચે અથડામણ થઈ હતી. આ સિવાય અનેક સ્થળો પર ચીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી રહ્યું છે. આ વિસ્તારમાં ચીન રસ્તા બનાવી રહ્યું હોવાનું પણ સ્પષ્ટ પણે જોઈ શકાય છે. સેટેલાઈટ તસવીરો પરથી સ્પષ્ટ થાય છે કે ચીને આ વિસ્તારમાં એક આખું 'સૈન્ય શહેર' વસાવી દીધું છે, જેના પર તેનો ગેરકાયદે કબજો છે. ચીનનો આ ગેરકાયદે કબજો માત્ર પૂર્વીય લદ્દાખ સુધી મર્યાદિત નથી. તે ધીમે ધીમે સિક્કિમ અને અરૂણાચલ પ્રદેશની સરહદો પર પણ ગામ વસાવવા અને રસ્તાઓ બનાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે, જેનો ખુલાસો આ સેટેલાઈટ તસવીરોથી થયો છે.

## લખનૌ ખાતે પોલીસની ગાડીને આગ લાગવી : અખિલેશ યાદવને કસ્ટડીમાં લેવાયા



નવી દિલ્હી,
લખનૌના ગૌતમપલ્લી ખાતે પ્રદર્શનકારીઓએ પોલીસની ગાડીને આગને હવાલે કરી દીધી હતી. પીલીભીત ખાતેથી ભાજપના સાંસદ વરૂણ ગાંધીએ મુખ્યમંત્રી સમક્ષ દોષિતો વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવાની માગણી કરી છે. તેમણે ટ્વીટમાં લખ્યું હતું કે, લખીમપુર ખીરીની હૃદય વિદારક ઘટનામાં શહીદ થયેલા ખેડૂતોને શ્રદ્ધાંજલિ અર્પિત કરૂ છું. આ પ્રકરણમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીજીને આકરી કાર્યવાહી કરવા નિવેદન કરૂ છું. આ ઉપરાંત તેમણે યોગી આદિત્યનાથને પત્રમાં અન્નદાતાઓની જે રીતે કચડીને હત્યા કરવામાં આવી તે સભ્ય સમાજમાં અક્ષમ્ય છે તેમ લખ્યું હતું. પ્રિયંકા ગાંધીને કસ્ટડીમાં લેવામાં આવી ત્યાર બાદ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને પોતાની બહેનનું મનોબળ વધારવા પ્રયત્ન કર્યો હતો અને પોતે જાણે છે કે, પ્રિયંકા પાછી નહીં હટે તેમ લખ્યું હતું. કૃષિ કાયદા અને કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્ર ટેનીની ટિપ્પણીનો વિરોધ કરી રહેલા ખેડૂતો અને મંત્રીના દીકરા વચ્ચે રવિવારે થયેલી હિંસક અથડામણ દરમિયાન ૮ લોકોના મૃત્યુ થતા ઉત્તર પ્રદેશમાં ભારે હંગામો મચ્યો છે. રાજકીય ગરમાવા વચ્ચે કોંગ્રેસી નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા લખીમપુર જવા માટે નીકળ્યા હતા પરંતુ સીતાપુરના હરગાંવ પોલીસે તેમને કસ્ટડીમાં લીધા છે. તે સિવાય લખનૌ ખાતે ધરણાં પર બેઠેલા અખિલેશ યાદવને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. ઉપરાંત કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્ર ટેનીના દીકરા આશીષ મિશ્ર વિરૂદ્ધ હત્યાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. લખીમપુર ખીરી ખાતે ખેડૂત આંદોલન દરમિયાન ૪ ખેડૂતો સહિત ૮ લોકોના મૃત્યુ થયા ત્યાર બાદ જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. આ બધા વચ્ચે ઉત્તર પ્રદેશ સરકારે પંજાબના મુખ્ય સચિવને પત્ર લખીને ત્યાંથી કોઈને લખીમપુર ખીરી ન આવવા દેવા માટે વિનંતી કરી છે. રવિવારે લખીમપુર ખીરી ખાતે ખેડૂતોના ધરણાં દરમિયાન તેમના પર કેન્દ્રીય મંત્રીના દીકરાની ગાડી ચઢી ગઈ હતી જેમાં ૪ ખેડૂતોના મોત થયા હતા. ત્યાર બાદ જિલ્લામાં ભારે હંગામો મચ્યો હતો અને હિંસામાં કુલ ૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. દિલ્હી પોલીસે પ્રદર્શનકારીઓને લખીમપુર ખીરી જતા અટકાવવા માટે રાષ્ટ્રીય રાજમાર્ગ-૯ અને ૨૪ બંધ કરી દીધો છે. આ કારણે દિલ્હીથી ગાઝિયાબાદના અનેક રસ્તાઓ પર લાંબો જામ લાગ્યો છે.

## શાળાઓ શરૂ કરવા માટે વેક્સિનેશન પૂર્ણ થવાની રાહ જોવાની જરૂર નથી : વર્લ્ડ બેંક



નવી દિલ્હી,
શાળાઓ શરૂ કરતા પહેલા શાળાઓ બંધ રાખવાથી શું નુકસાન થઈ રહ્યું છે અને શાળાઓ ચાલુ રાખવાથી શું નુકસાન થઈ રહ્યું છે તે બંનેની સમીક્ષા થવી જોઈએ. વર્લ્ડ બેંકના આંકડા મુજબ વિશ્વની ૮૦ ટકા શાળાઓ નિયમિત રીતે શરૂ થઈ ગઈ છે.૨ ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે કોરોના મહામારી શરૂ થઈ તેના કારણે ૧૮૮ દેશોમાં શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી.જેના કારણે ૧.૬ અબજ બાળકોનું શાળાએ જવાનું બંધ થઈ ગયું હતું.પુરાવાઓ સંકેત આપી રહ્યાં છે કે નાના બાળકોને કોરોના થવાની શક્યતા ઓછી હોવાથી શાળાઓ શરૂ કરતા પહેલા દેશોએ સર્વવ્યાપી કોવિડ-૧૯ વેક્સીનેશનની રાહ જોવાની જરૂર નથી તેમ વર્લ્ડ બેંકે એક નિવેદનમાં જણાવ્યું છે. વર્લ્ડ બેંકની એજ્યુકેશન ટીમે જણાવ્યું છે કે જે દેશોમાં શાળાઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યાં નાના બાળકોને થયો હોવાના ખૂબ જ ઓછા કેસ જોવા મળ્યા છે. વર્લ્ડ બેંકની એજ્યુકેશન ટીમે વધુમાં જણાવ્યું છે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ ભલામણ કરી છે કે કોરોનાની સ્થિતિ ખૂબ જ વકરી જાય તો જ શાળાઓ બંધ રાખવી જોઈએ. વર્લ્ડ બેંકે જણાવ્યું છે કે અત્યાર સુધીના પુરાવા દર્શાવે છે કે નાના બાળકો કોરોના થવાની શક્યતા ઓછી છે, કોરોનાને કારણે તેઓ ગંભીર રીતે બિમાર પડે તેનીશક્યતા પણ ખૂબ જ ઓછી છે, કોરોનાને કારણે બાળકનું મોત થાય તેની શક્યતા પણ ખૂબ જ ઓછી છે. પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓમાં કોરોના ટ્રાન્સમિશનનું પ્રમાણ ખૂબ ઓછું છે. બાળકોને કોરોના થયું હોય તો તેના કારણે શિક્ષકો અને સ્ટાફને કોરોના થવાની શકયતા ખૂબ જ ઓછી છે. વર્લ્ડ બેંકે વધુમાં જણાવ્યું છે કે કોરોના થવાના ખતરાને કારણે શાળાઓ બંધ રાખવામાં આવે છે પણ શાળાઓ બંધ રાખવાથી બાળકોને મોટા પ્રમાણમાં નુકસાન થઈ રહ્યું છે. શાળાઓ બંધ રાખવાથી બાળકોની શીખવાની વૃત્તિ, માનસિક આરોગ્ય અને સમગ્ર વિકાસ પર ગંભીર અસરો પડી રહી છે.

## રૂ. ૪૦ કરોડનું પંજાબ-કાશ્મીરમાંથી હેરોઈન જપ્ત : ૧ તસ્કરની ધરપકડ

નવી દિલ્હી,
આંતરરાષ્ટ્રીય સરહદ પાસે પાકિસ્તાને ડ્રોનની મદદથી આ હિથયારો પહોંચાડયા હતા.આ હિથયારો પાકિસ્તાને આતંકીઓ માટે મોકલ્યા હોવાના અહેવાલોને પગલે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. જ્યારે ઉરી પાસે જે ડ્રગ્સ મળી આવ્યું તે પાકિસ્તાન દ્વારા ડ્રોનની મદદથી ફેકવામાં આવ્યું હોવાના અહેવાલો છે.પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં સૈન્યને મોટી સફળતા મળી છે. બીએસએફએ પંજાબના અમૃતસર અને રાજાતાલમાં સ્થિત બોર્ડર પાસે એક પાકિસ્તાની તસ્કરને ઝડપી પાડયો હતો. જેની પાસેથી ડ્રગ્સના છ પેકેટ મળી આવ્યા છે. બીજી તરફ ઉરીમાં પણ ૨૫થી ૩૦ કરોડનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. કુલ આશરે ૪૦ કરોડ રૂપિયાથી વધુનુ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. બીએસએફના ડીઆઈજી ભૂપિંદરસિંહે જણાવ્યું હતું કે સૈન્યએ અમૃતસરના રાજાતાલમાં બોર્ડર પાસે એક પાકિસ્તાની તસ્કર કાશી અલીની ધરપકડ કરી છે. આ તસ્કર પાકિસ્તાનના મનિયાનાનો રહેવાસી છે. તેની પાસેથી હેરોઈનના છ પેકેટ મળી આવ્યા છે. તેના પર પાકિસ્તાની માર્કિંગ પણ છે. જ્યારે તેવી જ રીતે જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં એલઓસી પાસે સુરક્ષાદળોને શનિવારે શંકાસ્પદ કશુક જોવા મળ્યું હતું. જે બાદ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. પંજાબના અમૃતસર અને ઉરી બન્ને વિસ્તારોમાંથી મળીને આશરે ૪૦ કિલો જેટલુ હેરોઈન જપ્ત કરાયું હતું જેની કિમત આશરે ૪૦ કરોડ જેટલી આંકવામાં આવી રહી છે. બીજી તરફ જમ્મુમાં પાકિસ્તાની ડ્રોન દ્વારા મોકલવામાં આવેલા હિથયારોનું એક કન્સાઈન્મેન્ટ મળી આવ્યું હતું. ઈન્ટરનેશનલ બોર્ડર પર આ કન્સાઈન્મેન્ટ મળી આવ્યું છે. મળી આવેલા હિથયારોમાં એક એકે રાઈફલ, ત્રણ મેગઝિન્સ, ૩૦ રાઉન્ડ્સ, એક ટેલિસ્કોપનો સમાવેશ થાય છે.

## બ્રિટનથી ભારત આવતા લોકો પર નવા નિયમોનો અમલ શરૂ

નવી દિલ્હી,
બ્રિટનથી આવતા લોકોએ રસી લગાવ્યા છતાં ક્વોરેન્ટીનમાં રહેવું પડશે. મહત્વનું છે કે ભારત તરફથી બ્રિટન અને કેનેડા માટે ઈ-વીઝાની સુવિધા ખતમ કરી દેવામાં આવી છે. હવે બ્રિટનથી આવનાર યાત્રીકોએ રેગ્યુલર સ્ટેમ્પ વીઝા લઈને આવવું પડશે. ભારતથી જતા લોકો પર તમામ પ્રતિબંધો લાગૂ કર્યા બાદ ભારતે તે બંને દેશોથી આવતા લોકો માટે વીઝાને લઈને આ નિર્ણય લીધો છે.બ્રિટનથી ભારત આવતા લોકો પર નવા નિયમોનો અમલ શરૂ થઈ ગયો છે. સોમવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડિંગ કરનારા ૭૦૦ લોકોને ૧૦ દિવસના ફરજીયાત ક્વોરેન્ટાઈનમાં મોકલી દેવામાં આવ્યા છે. આ પહેલા બધા લોકોનો આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ભારત સરકાર તરફથી થોડા દિવસ પહેલા નવા નિયમની જાહેરાત કરવામાં આવી હતી. આ હેઠળ બ્રિટનથી આવતા યાત્રીકોએ ૧૦ દિવસ ક્વોરેન્ટીન રહેવું પડશે. નવા નિયમોને રવિવારે રાત્રે ૧૨ કલાકથી લાગૂ કરી દેવામાં આવ્યા છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે સોમવારે બપોર સુધી યૂકેથી ત્રણ ફ્લાઈટ્સ એરપોર્ટ પહોંચી છે. તેમાંથી ૭૦૦ પ્રવાસીઓ ઉતર્યા છે. તેમાં ભારતીયો સિવાય મોટી સંખ્યામાં બ્રિટિશ નાગરિક પણ સામેલ છે. નવા નિયમો પ્રમાણે બ્રિટનથી આવનાર યાત્રીકો માટે ભારત આવવા આરટીપીસીઆર નેગેટિવ રિપોર્ટ જરૂરી હશે. આ સિવાય એરપોર્ટ પર પણ ટેસ્ટ થશે. એટલું જ નહીં ૧૦ દિવસનો ક્વોરેન્ટીન પીરિયડ પૂરો થયા બાદ પણ ટેસ્ટ થશે. અધિકારીએ કહ્યુ કે, આ પ્રક્રિયા માટે દિલ્હી સરકારની એક ટીમને એરપોર્ટ પર તૈનાત કરવામાં આવી છે. આ ટીમ યાત્રીકો પાસે તેના સરનામા સહિત જાણકારી મેળવે છે કે તે દિલ્હીમાં કઈ જગ્યાએ જઈ રહ્યાં છે. આ સિવાય એક ટીમ એટલે તૈનાત કરવામાં આવશે જેથી તે નક્કી કરી શકાય કે ક્વોરેન્ટીનના નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં. હકીકતમાં બ્રિટિશ સરકારે ભારતમાં જારી કોરોના વેક્સિન સર્ટિફિકેટને અત્યાર સુધી માન્યતા આપી નથી. તેના કારણે ભારતમાં રસી લગાવ્યા બાદ પણ બ્રિટનમાં અનવેક્ટિનેટેડ માનવામાં આવે છે. આ સિવાય ભારતના લોકોએ ત્યાં ક્વોરેન્ટીન સહિતના નિયમોનું પાલન કરવું પડી રહ્યું છે. ભારતે તેમાં છૂટની માંગ કરી હતી, પરંતુ બ્રિટન તરફથી આ ન કરાતા ભારત સરકારે વળતો જવાબ આપતા તેવા નિયમો લાગૂ કર્યા છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

### મહીસાગર-લુણાવાડા ખાતે

# દિવ્યાંગ લાભાર્થીઓને સાધન-સહાય તેમજ કોવિડ-૧૯ ના ૧૭ લાભાર્થીઓને આર્થિક સહાયના ચેક વિતરણ કરાયા


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં દશનામ સમાજવાડી લુણાવાડા ખાતે બ્લાઈનડ વેલફેર કાઉન્સિલ, દાહોદ, નેશનલ એસોસિએશન ફોર ધી બલાઈન્ડ, દાહોદના ઉપક્રમે અને ભારત સરકારની એડીપ સ્કીમ અંતર્ગત જુદી જુદી કેટેગરીના અંધ, અંપગ તથા મંદબુદ્ધિ, શ્રવણમંદ જેવા મહિસાગર જિલ્લાના ૮૦ દિવ્યાંગ લાભાર્થીઓને અંદાજીત રૂા.૫.૦ લાખની કિમંતના સાધનો તેમજ કોવિડ–૧૯ માં ઘરમાં કમાનાર વ્યક્તિનું મુત્યુ થયુ હોય તેવા ૧૭ વ્યક્તિઓને રૂા. ૩૦૦૦૦ ની આર્થિક સહાય તેવા રૂા.૫.૧૦ લાખના ચેક વિતરણ કાર્યક્રમ પંચમહાલના સાંસદ રતનસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

પ્રસંગે અદયક્ષસ્થાને સાંસદ રતનસિંહ રાઠોડે જણાવ્યું કે, સંસ્થાના મંત્રી યુસફી કાપડિયા પોતે સૂરદાહસ હોવા છતાં છેલ્લા ૩૦ વર્ષોથી દિવ્યાંગજનો માટે જે ભગીરથ કાર્ય કરી રહ્યા છે તેની સરાહના કરી દિવ્યાંગજનો માટે સરકાર પણ ખૂબ ચિંતિત હોવાની સાથે દિવ્યાંગોના ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ હોવાનું કહ્યું હતું. સાંસદ રાઠોડે સમાજમાં કોઈનું બાળક દિવ્યાંગ ન જન્મે તેવી પ્રાર્થના કરી આ સંસ્થા મહીસાગર ખાતે પણ કાર્યરત બને તેવી આશા વ્યકત કરી દિવ્યાંગજનોને કોઈપણ જગ્યાએ કોઈપણ મુશ્કેલીનો સામનો ન કરવો પડે તેની અમે સતત ચિંતા કરતા રહી તેમના વિકાસ માટે સતત કામ કરતાં રહીશું તેમ જણાવ્યું હતું. પંચમહાલના સાંસદ રતનસિંહ રાઠોડે દિવ્યાંગજનો માટે કામ કરવું એ સમાજ સેવાનું કામ છે. પરંતુ દિવ્યાંગજનો પ્રતિ સહાનુભૂતિના બદલે સન્માન થાય તેવા કાર્યો કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ડૉ.મનીષકુમારે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, દિવ્યાગો બીજા લોકો લોકોથી પણ સવાયા છે. દિવ્યાંગ માટે સર્ટીફિકેટ મેળવવામાં સરળતા રહે તેવા પ્રયત્ન કરવાની ખાત્રી સાથે જિલ્લાના દિવ્યાંગો માટે જમીનની માગણી કરેલ તે સરકારની ગાઈડલાઈન મુજબ ઝડપી જમીન ફાળવવા ખાતરી આપી હતી. આ જિલ્લાના દિવ્યાંગ જનોના જે કોઈ પ્રશ્નો હશે તેને પૂરા કરવાની પણ ખાતરી આપી હતી.

લુણાવાડા મત વિસ્તારના ધારાસભ્ય જીગ્નેશભાઇ આ સંસ્થાની કામગીરીને બિરદાવી સરકાર દ્વારા થતા કાર્યોની માહિતી આપી હતી. દિવ્યાંગોને જ્યાં જરૂર હોય ત્યાં મદદરૂપ થવા પણ તેમણે તૈયાર છે તેમ જણાવ્યું હતું. અતિથિવિશેષ તરીકે જિલ્લા અગ્રણી દશરથભાઈ બારીયાએ અને મલ્ટીપલ કાઉન્સિલ ચેરમેન–૩૨૩૨ લા.ક. ઈન્ટરનેશનલના એમજેએફ લા. જે. પી. ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

પ્રારંભમાં બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ, દાહોદ, નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, દાહોદના મંત્રી યુસુફી કાપડિયાએ સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની રૂપરેખા અને સંસ્થાની કામગીરીની વિગતો આપી હતી.

# વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત સંતરામપુર ઝાબ કનાવાડા પા.શાળા ખાતે નિબંધ સ્પર્ધા યોજાઈ



સંતરામપુર, વન્યપ્રાણી સપ્તાહ (૨ જી ઓક્ટોમ્બર થી ૮ સુધી)નિમિતે તા–૦૪/૧૦/૨૦૨૧ ના રોજ ઝાબ કનાવાડા પ્રાથમિક શાળા ખાતે સંતરામપુર(પ)રેંજ મહીસાગર વન વિભાગ લુણાવાડા દ્વારાવન્યપ્રાણી સપ્તાહ ઉજવણી નિમિતે સ્થાનિક વન વિભાગના સ્ટાફ સાથે રહી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હોય જે પ્રસંગે શાળાના તમામ વિદ્યાર્થીઓએ સારી એવી સંખ્યામાં ભાગ લીધો હતો. તેમજ શાળાના આચાર્ય સહીત તમામ શિક્ષક ગણ દ્વારા સારો સહકાર મળેલ હોય, જેમાં તમામ વિદ્યાર્થીઓને વન્યપ્રાણીઓની મહત્તા અને વન્યપ્રાણીનું જતન કરવા બાબતે સારી સમજણ આપવામાં આવેલ હતી. સાથે–સાથે નિબંધ સ્પર્ધાનું પણ આયોજન હોવાથી પ્રથમ,દ્વિતીય અને તૃતીય સ્પર્ધકને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ તેમજ અન્ય તમામ સ્પર્ધકને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવેલ હોય અને તમામ વિદ્યાર્થીઓને વન્યપ્રાણી તેમજ વનનું જતન કરવા બાબતની યોગ્ય જરૂરી ચર્ચા કરી સમજણ સાથે જાણકારી આપેલ હતી.

# મહીસાગર-લુણાવાડા ખાતે યોજાયેલ સાયબર ક્રાઈમ અને સાયબર જાગૃતિ લીગલ સેમિનાર

લુણાવાડા, મહાત્મા ગાંધી જયંતી નિમિતે ગુજરાત સરકારના ગૃહ વિભાગ તેમજ ગુજરાત સ્ટેટ ક્રાઈમ કંટ્રોલ વિભાગ તેમજ ડાયરેકટર ઓફ પ્રોસીકયુશન કચેરી, ગાંધીનગર દ્વારા જિલ્લા કલેકટર કચેરી, મહીસાગર–લુણાવાડા ખાતે સાયબર ક્રાઈમ અને સાયબર એરનેસ સંબંધી લીગલ સેમીનાર યોજાઈ ગયો.

આ સેમિનારમાં સાયબર ક્રાઈમ કાયદાની સમજ, સાચો ન્યાય થાય અને કોઈ ખામી ન રહી જાય તે માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવા અંગે તથા ધરપકડ સમયે દયાનમાં રાખવાની બાબતો, કામનું ભારણ ઘટાડવા અંગે, સાયબર ક્રાઈમ અંગે, હેકીંગ, એથીકલ હેકીંગ, માલવેર લીંક, ડીજીટલ એવીડન્સનો કેવી રીતે ઉપયોગ કરવો, તેનો સંગ્રહ અને તે બાબતે દયાનમાં રાખવાની તકેદારી વિશે બાલાસિનોરના એપીપી કે. એમ. રાણા તથા લુણાવાડાના એપીપી વાય. એસ. ગોસાઇ, ડીજીપી એસ.આર.ડામોર તથ એ.જી.પી. કે. એફ. ડામોર અને જે. જે. સોલંકીએ વિસ્તૃત જાણકારી આપી માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમિનારમાં કાનુની પાસાઓ ક્રોસ કેસ દરમિયાન ઈન્વેસ્ટીગેશન ઓફિસરે દયાનમાં રાખવાની બાબતો, ગુનાની જાણ થતા ત્વરીત લેવાના પગલા, ધરપકડના નિયમો અંગેની પણ સમજ આપવામાં આવી હતી.

આ સેમિનારના અંતે પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત સર્વેએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મૂંઝવતાં પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું હતું.

આ સેમિનારમાં મહીસાગર જિલ્લાના એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ પી. એ. પટેલ, જિલ્લા કલેક્ટર ડો. મનિષકુમાર બંસલ, જિલ્લા પોલીસ અધિક્ષક રાકેશ બારોટ, નિવાસી અધિક કલેકટર એ. આઈ. સુથાર, જિલ્લાના ડી.વાય.એસ.પી. એન. વી. પટેલ, જિલ્લાના તમામ સરકારી વકીલઓ અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોઠંબા બસ સ્ટેશનથી અજય માતાના મંદિર જવાનો માર્ગ બિસ્માર બનતા લોકો પરેશાન


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, લુણાવાડા તાલુકાના કોઠંબા બસ સ્ટેશનથી અજય માતાજીના મંદિર પાસેનો માર્ગ બિસ્માર બનતા વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

કોઠંબા બસ સ્ટેશન થી અજય માતાના મંદિર પાસેનો માર્ગ છેલ્લા કેટલાક સમય થી રસ્તો બિસ્માર બન્યો છે. રસ્તા ઉપર ખાડાઓને લઈ ઉબળ ખાબળ બનતો રાહદારીઓ તેમજ વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે. બિસ્માર રસ્તાને લઈ વાહનોને ભારે નુકશાન થઈ રહ્યું છે. રસ્તાની મરામત માટે સ્થાનિક લોકો દ્વારા માર્ગ મકાન વિભાગને રજુઆત કરવામાં આવી છે. ત્યારે સ્થાનિકો ઈચ્છી રહ્યા છે કે, રસ્તાની કામગીરી પુરી કરવામાં આવે.

# ફાયર વિભાગ દ્વારા પાદરાનું સરકારી દવાખાનુ, કોલેજ અને નગરપાલિકાની શાળાને સીલ

વડોદરા, પાદરામાં પણ ફાયર વિભાગ દ્વારા એમ.કે. અમીન કોલેજ, નગરપાલિકા સંચાલિત ગર્લ્સ શાળા અને આરોગ્ય કેન્દ્રને ફાયર સેફટીની સુવિધા બાબતે એક વખત નોટીસ આપવામાં આવી હતી. પણ આ જગ્યા પર ફાયર સેફટીના સાધનોની સુવિધા ન કરવામાં આવતા ફાયર વિભાગ દ્વારા સીલની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મહત્ત્વની વાત છે કે, ભાવનગર જિલ્લામાં પણ બે દિવસ પહેલા ફાયર વિભાગે તવાઈ બોલાવી હતી. જ્યાં ફાયર વિભાગે ફાયર સેફટી અને ર્ફ્ઝ બાબતે તળાજાની સમર્પણ હોસ્પિટલ, કલરવ હોસ્પિટલ, પાલીતાણાની શેત્રુંજય હોસ્પિટ, મહુવાની જીવનદીપ હોસ્પિટલ ઈમેર્જિંગ સેન્ટર, સ્પર્શ હોસ્પિટલ, મહુવામાં આવેલી એમ.એન. કન્યા વિદ્યાલય, શેઠ એમ.એન. હાઈસ્કૂલ અને કે. જી. મહેતા વિદ્યાલયને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.રાજ્યમાં હાઈકોર્ટની ટકોર બાદ ફાયર સેફટી અને ફાયર વિભાગની NOCને લઈને અલગ-અલગ શહેર અને ગામડાઓમાં ફાયર વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે વડોદરા જિલ્લામાં પણ ફાયર વિભાગ હરકતમાં આવ્યો છે. ફાયર વિભાગ દ્વારા પાદરામાં શાળા, કોલેજ અને દવાખાનાને સીલ કરવાની કામગીરી શરૂ કરી છે. રિપોર્ટ અનુસાર વડોદરા જિલ્લામાં ફાયર સેફટી અને ફાયર વિભાગની ર્ફ્ઝ બાબતે ફાયર વિભાગના અધિકારીઓ દ્વારા અલગ-અલગ હોસ્પિટલ, શાળા અને કોલેજોમાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે ફાયર વિભાગના અધિકારીઓ દ્વારા ફાયર સેફટીના સાધનોના અભાવના કારણે પાદરાના સામૂહિક આરોગ્ય કેન્દ્રને સીલ કરવામાં આવ્યું છે. સાથે જ એમ.એસ. યુનીવર્સિટીની પાદરામાં આવેલી એમ.કે. અમીન કોલેજને સીલ કરવામાં આવી છે. આ ઉપરાંત પાદરા નગરપાલિકા સંચાલિત ચોકસી કે.કે. ગર્લ્સ હાઈસ્કૂલને પણ ફાયર સેફટીના સાધનોના અભાવે સીલ કરવામાં આવી છે. સરકારી દવાખાનું, ખાનગી કોલેજ અને નગરપાલિકાની જ શાળા પર ફાયર વિભાગે તવાઈ બોલાવી હોવાના કારણે ચકચાર મચી જવા પામી છે. ફાયર વિભાગ દ્વારા આ કાર્યવાહી ફાયર ચીફ ઓફિસર પાર્થ બ્રહ્મભટ્ટની સુચનાથી હાથ ધરવામાં આવી હતી. હવે ફાયર વિભાગની ટીમ દ્વારા ફાયર સેફટીને લઈને બેદરકારી રાખતી ખાનગી કંપનીઓમાં પણ તપાસ શરૂ કરવામાં આવશે. મહત્ત્વની વાત છે કે, વહીવટી તંત્ર દ્વારા તમામ શાળા, કોલેજ, જાહેર જગ્યા, દવાખાના અને ખાનગી કંપનીઓમાં ફાયર સેફટીની સુવીધા કરવાની તાકીદ કરવામાં આવે છે. સુચના બાદ ફાયર વિભાગના અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે અને તપાસ દરમિયાન કોઈ પણ બેદરકારી સામે આવે છે તો જે તે વ્યક્તિને નોટીસ આપવામાં આવે છે અને નોટીસ આપ્યા બાદ પણ આ ખામી દૂર કરવામાં ન આવે તો તે વ્યક્તિની મિલકતને સીલ કરી દેવામાં આવે છે.

# સંતરામપુર ફાયર સેફટી વગરની બંધ કરાયેલ પ્રા.શાળાના વિદ્યાર્થીઓ ડુંગર ફળીયા પ્રા.શાળામાં અભ્યાસ વ્યવસ્થા કરાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરપાલિકા દ્વારા કોર્ટના હુકમ મુજબ કન્યા શાળા સ્ટેટ હોસ્પિટલ કાર્યાલય અને તાલુકા પ્રાથમિક શાળાને પણ સીલ કરવામાં આવેલી હતી. સરકારી કચેરીઓને સરકાર નીતિ નિયમ મુજબ સરકારી કાર્યવાહી કરવામાં આવી કન્યા શાળાના સીલ કરવાથી કન્યાઓનું શિક્ષણ ના બગડે તે માટે આચાર્ય અને શિક્ષક હોય ડુંગર ફળિયા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવી ફાયર સેફ્ટીની એનઓસી જ્યાં સુધી નહીં મળે બાળકોની બીજી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ સરકારી કાર્યવાહીમાં સરકારના નિયમ મુજબ તાલુકા પ્રાથમિક શાળાને પણ શનિવારના રોજ સીલ કરવામાં આવેલી હતી. કોર્ટના હુકમ મુજબ નગરપાલિકા દ્વારા બે પ્રાથમિક શાળા અને સ્ટેટ હોસ્પિટલની સીલ કરવામાં આવી સરકારી કોર્ટે શરૂઆત સરકારી કચેરી કરી હતી પરંતુ હજુ પણ કેટલીક હોસ્પિટલ અન્ય સંસ્થાઓ પણ ફાયર સેફટી એનઓસીમાં પ્રોસેસિંગમાં કામગીરી ચાલુ રહેલી છે. કન્યા પ્રાથમિક શાળામાં ૧૪૭ વિદ્યાર્થીઓને કન્યા પ્રાથમિક શાળાના આચાર્યને શિક્ષિકાની પોતાની રીતે ડુંગર ફળિયા પ્રાથમિક શાળામાં વાહન વ્યવસ્થા કરીને અભ્યાસ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે સંતરામપુર તાલુકાની પ્રાથમિક શાળાના ૬ થી ૮ના વિદ્યાર્થીઓ સંત શિક્ષણ ભવન પ્રાથમિક શાળામાં વ્યવસ્થા કરાઇ હતી, પરંતુ ખરેખર સરકારી શાળાઓન એનોસી અને ફાયર સેફ્ટીની કામગીરી હજુ બાકી રહેલી છે. સીલ મારવા થી છ થી આઠ શાળાના વિદ્યાર્થીઓની શિક્ષણ માટે ભાવિ જોખમમાં મુકાયું છે. કોર્ટના હુકમ મુજબ જયાં સુધી ફાયર સેફ્ટીની એનઓસી નહીં મેળવે ત્યાં સુધી શાળા અને સ્ટેટ હોસ્પિટલ કાર્યાલય સીલ ખોલવામાં આવશે નહીં. નગરપાલિકા દ્વારા આદેશ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

# મહીસાગર વન વિભાગ દ્વારા વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજી



લુણાવાડા, વન્યપ્રાણી સપ્તાહ તા.૦૨/૧૦/૨૦૨૧ થી ૦૮/૧૦/૨૦૨૧ અંતર્ગત મહીસાગર વન વિભાગ (નોર્મલ) લુણાવાડા રેંજ દ્વારા વેદાન્ત ઈન્ટરનેશનલ સ્કુલ, લુણાવાડા ખાતે વન્યપ્રાણી જાગૃતિ બાબતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચિત્ર સ્પર્ધામાં વન્યપ્રાણી રક્ષણ તેમજ સંરક્ષણ, માનવજીવનમાં વન્યપ્રાણીનું મહત્વ અને એશિયાઈ સિંહ ગુજરાતનું ગૌરવ આ ત્રણ વિષય ના આધાર પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૮ અને ૯ ના મળીને આશરે ૬૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે રસ ધરાવતાં બિન સરકારી સંગઠન તરીકે મહીસાગર નેચર એન્ડ એડવેન્ચર ફાઉન્ડેશન પણ આ આયોજનમાં જોડાયા હતા. તેઓના સભ્યો તેમજ શાળાના પ્રાધ્યાપકોનો ઉકત પ્રસંગે ઉત્સાહસભર સાથ સહકાર મળેલ હતો.

ઉકત પ્રસંગે રેંજ ફોરેસ્ટ ઓફિસર વી.એન. હારેજાએ દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં વન્યપ્રાણી સંરક્ષણ અંગે જાગૃતિ પ્રકૃતિ શિક્ષણ અંગેની સમજ આપી હતી. સાથે પ્રાધ્યાપકો તેમજ બિન સરકારી સંગઠનના સભ્યો બાળકોને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની મહત્વની જોગવાઈઓ તેમજ માનવ વન્યપ્રાણી ઘર્ષણ અટકાવવા અંગેની સમજ આપી હતી. અત્રેના વિસ્તારમાં વધુ જોવા મળતા મગર જેવા વન્યપ્રાણીના રેસ્કયુ બાબતે લોકોને અગત્યની માહીતી પૂરી પાડવામાં આવી હતી. જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવામાં આવેલ વન્યજીવના બચાવ, રાહત અને ફરીયાદ નિવારણ માટેની વન વિભાગની હેલ્પલાઈન ૮૩૨૦૦૦૨૦૦૦ વિષે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે ચિત્ર સ્પર્ધાના અંતમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનાર વિજેતા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતિય એમ ત્રણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઈનામ આપવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં લુણાવાડા રેંજના અધિકારીઓ કર્મચારીઓ, કોલેજના પ્રાધ્યાપકો, પ્રકૃતિપ્રેમી મયુર પ્રજાપતી, તેમજ પ્રકૃતિપ્રેમીઓએ ઉત્સાહભેર ભાગ લઈ અને વન્યપ્રાણી સંરક્ષણ અંગેની તેમજ અન્ય બાબતોની જાણકારી મેળવેલ છે.

# મહીસાગર જિલ્લામાં લાગુ કરવામાં આવેલ હથિયાર બંધી અને સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવા કૃત્યો કરવા પર મનાઈ

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન પામે તેની તકેદારી રાખવા માટે મહીસાગર–લુણાવાડાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ. આઇ. સુથારએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭(૧)થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર મહીસાગર જિલ્લામાં શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ સાધન લઈ જવા, કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે સાથે લઈ જવા, પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા, મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા કે બાળવા, અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા કે અશ્લીલ ગીતો ગાવા કે ટોળામાં ફરવું, છટાદાર ભાષણ આપવા, ચાળા પાડવા, નકલ કરવી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી, દેખાડવી કે તેનો ફેલાવો કરવો, અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા તો જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવા, ચાળા વગેરે કરવા અને ચિત્રો–નિશાનીઓ તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા જેવા કૃત્યો કરવા પર મનાઈ ફરમાવી છે.

# "ઈર્ષાની દાહ કરે મનુષ્યને રાતાપીળા"


જીજ્ઞા કપુરીયા (નિયતી)

ઈર્ષા અદેખાઈ અને દ્વેષ આ ત્રણે તત્વો એકબીજા સાથે વણાયેલા છે. તમે આગળ વધો પણ એમનાંથી નહીં એનું નામ ઈર્ષા. જેમ ઉધઈ લાકડાને કોરી ખાય છે. એમ ઈર્ષા મનુષ્યને અંદરથી ખોખલો બનાવી દે છે. ઈર્ષાળુ મનુષ્ય કોઈની પ્રગતિ જોઈ શક્તો જ નથી. એની આગમાં આખી જીંદગી બળે છે. એમની આ આગમાં ગંગામૈયા કે કોઈ ઔષધિ કામ આવતી નથી. આવી વૃતિનાલોકો પોતે શાંતિ લેતાં નથી બીજાંને લેવાં દેતાં નથી. એમની આવી જોહુકમી પર બધાં જ પરેશાન હોય છે. આવી વૃતિના લોકો મહિલાનુંપણ અપમાન કરવામાં કંઈ બાકી રાખતાં નથી. બિચારી આવી મહિલાઓ લોક લાજે અને બદનામીનાં ડરથી કંઈ બોલતી નથી કદાચિત એટલે જ આવી વૃતિના મનુષ્ય દશમાથાડાં રાવણ થઈ ગયાં છે. એમને રાવણ કહેવું એ રાવણનું અપમાન છે.

આજના આ આધુનિકયુગમાં આગળ વધવાની રીતસરની હોડ લાગી છે ત્યારે ઈર્ષાનું પ્રમાણ પણ વધ્યું છે. ઈર્ષાળુ મનુષ્ય હંમેશા પોતાનું અહિત જ કરતાં હોય છે. આ નબળાં માણસની નિશાની છે. જે મનુષ્ય આધ્યાત્મિક ધર્મમાં નબળો હોય છે એ જ ઈર્ષ્યાળુ હોય છે પણ આવાં મનનાં દાઝેલાં મનુષ્યની વૃતિ જ બીજાને નીચે પાડવાની હોય છે. એનાં માટેએ નિમ્નકક્ષાનાં સ્તરે જતાં પણ અચકાતો નથી. આવા લોકોએ લાજ શરમ બધું જ નેવે મુકી દીધુ હોય છે!

મિત્રો, મે જોયું છે જયારે પણ કોઈ પ્રગતિનાં પંથે આગળ આવે છે ત્યારે ડગલેને પગલે આવા લોકો ભટકાવાના આતો સંસારની રીત છે! આને નજર અંદાજ કરો ને તમારૂં કાર્ય કરે રાખો."હાથી પાછળ કૂતરા ભસે એમાં હાથીને શું ફેર."

હું પણ એક લેખિકા છું અમારે પણ લેખ લખવામાં ખુબ ધ્યાન રાખવું પડે ક્યાંક કશું કોઈ બીજાનું આપણે નથી લેતાંને કારણ આવા વિઘ્નસંતોષીઓ તમને બદનામ કરવાનાં એક પણ મોકો ચુકતા નથી.

જે આપણું હોય એજ આપણું. હમણાં આ સોશિયલ મીડિયા એક એવું માધ્યમ બની ગયું છે કે તમને બદનામ કરવાનું. તમારાં જ લખાણમાંથી સારી વસ્તુ લઈને તમને જ સવાલ કરે આ લખાણ કોનું?

મારા મિત્ર શ્રી રાજેશભાઈ એ આજે મને એક સરસ વાત કરી કે આપણાં મીરાંબાઈ જે લગભગ ૫૦૦વર્ષ પહેલાં થઈ ગયાં એમનાં જેવાં જ કાવ્યો અને છંદ વિદેશમાં કોઈ મહિલા લખી રહી છે જે મીરાંબાઈને જાણતી પણ નથી.

બીજા આપણા પન્નાલાલ પટેલ એમનાં જેવું જ બંગાળમાં કોઈ બંગાળી ભાષાના લેખક લખે છે એનાં લખાણ પણ કનૈયાલાલ મુનશીને મળતાં આવે છે! આને સંજોગો જ કહેવાય પણ ઈર્ષ્યામાં ડૂબેલો માનવીને આની સમજણ હોતી નથી તેઓ તો બસ તમને બદનામ કરવાનાં મોકા શોધતાં હોય છે!

હમણાં અમે એક ગ્રુપ બનાવ્યું. સ્પર્ધા ગ્રુપ એક એક ગ્રુપ જેમાં નિર્ણાયક ગ્રુપનાં જ હોયને એ જે વિષય દા:ત ચિત્ર, શબ્દ, ટુકીવાર્તા, ગદ્ય.પદ્ય.લેખ. એકોક્તિ વગેરેએ અમે નિર્ણાયક પર છોડ્યું જેદરેકે માન્ય રાખીને દર અઠવાડિયે અમે સ્પર્ધા કરીએ. આ ગ્રુપમાં પણ નવોદિત લેખક અને વડીલો જે સારા લેખક છે પણ મોબાઈલમાં ટાઈપ કરતાં નથી આવડતું એટલે તેઓ આવી સ્પર્ધામાં ભાગ નથી લઈ શક્તાં. આ ગ્રુપ શીખાવ ગ્રુપ જ છે. આપણાં નવોદિતો માટે અને ગુજરાતી ભાષાને આગળ લાવવાની કોશિશ છે. આમાં જે આપણાં વડીલો વિજેતા થાય એને અમે certificate આપીએ આમાં પણ વિઘ્નસંતોષીઓએ આવીને હવનમાં હાડકાં નાખ્યાં. મારો આવા વિઘ્નસંતોષીઓ ને એક સવાલ છે. તમે તો બેસ્ટ છો જ તમને કોઈ હરાવી નહીં શકે પણ આવા વડીલોને એક ખુશી મળતી હોય તો એમાં સહકાર આપવાની બદલે ગ્રુપ બંધ કરાવવાની ઓછી હરકત કેમ?

ખરેખર જ્યારે આ વડીલો એમની રચનાનો ફોટો અને એમને નીચે આવડે એવું લખવાની કોશિશ કરે છે ત્યારે મને ખુબ આનંદ થાય છે. અઠવાડિયે એમને certificate મળે તો જે ખુશી તેઓ વ્યક્ત કરે છે એને શબ્દોરૂપે કંડારવું મુશ્કેલ છે. ખરેખર કારણ અમારા ગ્રુપમાં નાના થી લઈને મોટાં ૭૫ વર્ષનાં વડીલો પણ જોડાયાં છે.

આ એમનું સમય પસાર કરવાનું માધ્યમ બની ગયું છે પણ અભિમાની અને દંભી મનુષ્ય આ બધું નહીં સમજે તેમને હવનના બ્રાહ્મણ નહીં પણ દાનવ બનવામાં જ રસ છે. આવાં લોકો એ ભુલી જાય છે એ પોતાનાં કર્મ જ બાંધે છે. ઈશ્વર એને માફ કરતો જ નથી. આનું ઉદાહરણ એટલે "દુર્યોધન".

કહેવાનો તત્પર્ય એ છે કે કોઈનાં સારા કાર્યમાં સાથ આપોને દુર્યોધન નહીં પણ કૃષ્ણ બનો.

કારણ મનુષ્યને જયારે સત્ય સમજાય છે ત્યારે ઘણું મોંડું થઈ ગયું હોય છે! પાછળ બચે ફક્ત પશ્રાતાપ પછી આવાં મનુષ્ય ગમે એટલું સારૂં કરવા જાય લોકો જાકારો જ આપે છે જીવનમાં એક્લો અટૂલો થઈ ભટકે છે કારણ સ્વજન પણ સાથ છોડીને જતાં રહે છે.

કોઈની પણ ઈર્ષ્યા કર્યા વગર સારા કામમાં સાથ આપશો તો ફોરમ ચોમેર પસરશે જ. છેલ્લે કહીશ "જગત માલખુ જુએ છે, નિયતીની નિયત છે લખવાની.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ શહેરમાંથી પકડાયેલા ગૌવંશ સહીતના ઢોરો મુકવા માટે ઘનકચરાના પ્રોસેસ માટેના ડમ્પિંગ યાર્ડ (કચરા ડેપો)માં શેડના નિર્માણથી પશુ પ્રેમીઓ તેમજ ગૌરક્ષકોમાં રોષ





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવું દાહોદ શહેર સ્માર્ટ સીટી તરફ પ્રયાણ કરી રહ્યું છે. ત્યારે દાહોદ શહેરવાસીઓ માટે ખાસ માથાના દુઃખાવા સમાન એમ રખડતા પશુ બની રહ્યાં છે. ત્યારે દાહોદ પાલિકા દ્વારા કેટલાંક સમય પુર્વે આ રખડતાં પશુઓનોનો જાપ્તો મેળવવા માટે ટેન્ડર પ્રક્રિયા પણ બહાર પાડવામાં આવી હતી અને લગભગ આ કામગીરી માટે ટેન્ડર અપાઈ પણ ચુંક્યાં છે પરંતુ હાલ સુધી રખડતા પશઓને પાંજરે પુરી તે તરફની યોગ્ય કામગીરી હાલ સુધી શરૂં કરવામાં આવી નથી. ત્યારે બીન સત્તાવાર મળતી માહિતી પ્રમાણે, દાહોદ શહેરની બહાર એટલે કે, ઈન્દૌર-અમદાવાદ નેશનલ હાઈવેની બાજુમાં આવેલ ડમ્પીંગ યાર્ડ ફર ચર્ચાની એરણે ચઢેલ છે. આ ડમ્પીંગ યાર્ડ (કચરાના ઢગલા) માં રખડતા પશુઓ અને ખાસ કરીને ગાયો જેવા ગૌવંશને પકડી લાવી આ ડમ્પીંગ યાર્ડમાં કોઈક જગ્યાએ રાખવા હોવાની ચર્ચાઓ વચ્ચે ગૌવંશોમાં ભારે આક્રોશ ફેલાયો છે. કારણ કે, આવી ગંદકીમાં ગાય જેવા ગૌવંશનો બાંધી રાખવા કેટલા યોગ્ય છે? તે એક વિચાર માંગી લેતો પ્રશ્ન છે પરંતુ પાલિકા સત્તાધિશોના એકબે મળતીયાઓના ઈશારે અને મનમાનીના કારણે આ નિર્ણય લેવામાં આવી રહ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે ખાસ કરીને ગૌ રક્ષકો અને પશુ પ્રેમીઓ આ મામલે ભારે આક્રોશ વચ્ચે અંદરો અંદર રોષ પણ જોવા મળી રહ્યો છે.

દાહોદ શહેરમાં જ્યાં જુઓ ત્યાં હાલ રખડતા પશુઓ જેમાં ગૌવંશનો પણ સમાવેશ થાય છે. ગૌવંશ સિવાય અન્ય પશુઓ જેવા કે, ગધેડા વિગેરે જેવા પશુઓ જાહેર માર્ગો ઉપર દોડાદાડીના દ્રશ્યો વચ્ચે માર્ગ અકસ્માતો સર્જાવવાનો પણ ભય રહેતો આવ્યો છે અને ભુતકાળમાં રખડતા પશુઓના જાહેર માર્ગો ઉપર દોડાદોડીના કારણે અકસ્માતો પણ સર્જાયા છે અને ઘણા વ્યક્તિઓને ઈજાઓ પણ થઈ હતી. દાહોદ શહેરમાં જાહેર માર્ગો ઉપર પશુઓ હરહંમેશ પોતાનો અડીંગો પણ જમાવી બેસી રહેતો હોય છે અને જેને કારણે અવર જવર કરતાં વાહન ચાલકો અને રાહદારીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને ઘણીવાર તો આને કારણે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાતા આવ્યાં છે ત્યારે દાહોદ નગરપાલિકા દ્વારા કેટલાંક સમય પુર્વે આવા રખડતા પશુઓને ઝબ્બે કરવાની કામગીરીનો નિર્ણય પણ કર્યો હતો અને પશુ માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવાની પણ તૈયારી બતાવી હતી. જાણવા મળ્યાં અનુસાર, પાલિકા તંત્ર દ્વારા આ મામલે ટેન્ડર પ્રક્રિયા પ્રમાણે પશુઓનો કબજો મેળવી ખાસ કરીને ગૌવંશનો કબજો મેળવી તેની સાર સંભાળ માટે જેતે વ્યક્તિઓને ટેન્ડર પણ આપી દેવામાં આવ્યાં છે પરંતુ કોઈક કારણોસર આ કામગીરી હજુ સુધી પણ શરૂં થવા થવા પામી નથી ત્યારે જાણવા મળ્યાં અનુસાર, દાહોદ નગરપાલિકાના કેટલાંક હીતસેવી તત્વો દ્વારા એકબીજાના મેળાપીપણા અને મનસ્વી રીતે ગૌવંશ માટે દાહોદ ડમ્પીંગ યાર્ડ (કચરાનો ઢગ) માં ખાસ ગૌવંશ માટે એક શેડ બાંધી દેવામાં આવ્યો છે. માત્ર ૧૨ થી ૧૫ પશુઓ બાંધી શખાય એટલી જગ્યા આપવામાં આવી છે અને દાહોદ શહેરમાં અંદાજે ૧૨૦૦ થી વધુ પશુઓ રખડતા હોય છે પરંતુ મુદ્દો એ નથી કે કેટલાં પશુઓ છે પરંતુ મુદ્દો એ છે કે, આવી ગંદકીવાળી જગ્યાએ ગૌવંશને રાખવા કેટલાં યોગ્ય છે. કચરાના ઢગલામાં ફાળવેલ જગ્યામાં ખાસ ગૌવંશને બાંધવા યોગ્ય છે ખરૂં? કારણકે કે, એક તરફ ગૌવંશને હિન્દુ ધર્મમાં માતાનો દરજો આપવામાં આવી રહ્યો છે ઘણા હિન્દુ સંગઠનો દ્વારા ગૌવંશને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની પણ માંગણી કરવામાં આવી રહી છે ત્યારે દાહોદ શહેરમાં રખડતા પશુઓ અને તેમાંય ગૌવંશને આવી ગંદકીના સ્થળે બાંધી રાખવા એ સત્તાધીશોને શોભશે ખરૂં એ એક યક્ષ પ્રશ્ન બની રહ્યો છે. આ અંગેની જાણ દાહોદના ગૌ રક્ષકો અને ગૌપ્રેમીઓને થતાં તેઓ આ નિર્ણયને સખ્ત શબ્દોમાં માનવામાં ઈન્કાર કરી દીધો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ત્યારે આવનાર દિવસોમાં આ પ્રકરણ કેવા પ્રકારનું રૂપ ધારણ કરશે તે જોવાનું રહ્યું.

પાલિકાના ચીફ ઓફિસરના મરજી વિરૂદ્ધ ડમ્પિંગ યાર્ડમાં ગૌવંશ સહિત રખડતા ઢોરોના આશ્રય સ્થાન બનાવવા માટે કામ જારીઃ પાલિકામાં પ્રભુત્વ તેમજ અહમની લડાઈ માટે ગૌવંશ સહીત મુંગા પશુઓ પર અત્યાચાર કેટલા અંશે યોગ્ય...??

પાલિકાના આંતરિક સૂત્રોની માહીતી મુજબ ચીફ ઓફિસરની મરજી વિરૂદ્ધ પણ આ શેડની બાંધકામની પ્રક્રીયા દબાણ નીતી અપનાવી ચાલુ રાખવા મા આવી છે. યક્ષપ્રશ્ન એ છે કે, આ લડાઈ નગરપાલિકા માં પ્રભુત્વ સ્થાપિત કરવાની અને પોતાનો રાજકીય અહમ સંતોષવા માટે ગૌવંશને કચરા યોગ્ય ગણી કચરા યાર્ડ મા જ સ્થાન આપવાની અદ્ભુત લડાઈ લડવા વાળા માટે આવનારો સમય ગોવંશને આપનારૂ સ્થાન જ નકકી કરશે અને તેમનું રાજકીય સ્થાન પણ ગૌવંશને આપનારા સ્થાન ઉપર જ નક્કી થશે. કચરામાં જ ગૌવંશ ને સ્થાન અપાય તો તેમનું સ્થાન ક્યાં હોવું જોઈએ એ દાહોદ ની જનતા એ નકકી કરવાનુ છે.

## દાહોદ જિલ્લામાં વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત વનવિભાગ દ્વારા યોજાઈ રહ્યાં છે વિવિધ કાર્યક્રમો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ગત તા. ૨ ઓક્ટોબરથી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ નિમિત્તે લીમખેડા રેન્જના દાંતિયા ગામમાં સહભાગી વન વ્યવસ્થા મંડળીના સભ્યો સાથે જંગલ ફેરણું, વન્યપ્રાણી સંરક્ષણ અંગે લોક જાગૃતિ કાર્યક્રમ, પ્રકૃતિ શિક્ષણ અંગે ચર્ચા કરી, સભ્યો જંગલમાંથી મળતા લાભો, વાંસ કટીંગ બાબતે તેના લાભો, વિતરણ બાબતે સમજ આપવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં લીમખેડા રેન્જ, બારીયા વન વિભાગના આ પ્રસંગે મંડળીના પ્રમુખ, મંત્રી અને અન્ય સભ્યો હાજર રહી જંગલ સંરક્ષણ કરવા બાબતે કટિબધ્ધતા દર્શાવી હતી. જંગલ સંરક્ષણ, માવજત અને ઉછેર માટે ખાત્રી આપી હતી.

આ સપ્તાહના વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે ફોરેસ્ટ કોલોની રેંજ કચેરી, ફતેપુરા ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રેંજ કચેરીનો તમામ કર્મયોગીઓ, ઉત્સાહભેર જોડાયા હતા. આ કાર્યના પ્રારંભમાં રેન્જ ફોરેસ્ટ ઓફીસર, ફતેપુરા દ્વારા વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત અંબા ગામ ખાતે લીમખેડા રેન્જ, બારીયા વન વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ,અંબા ગામ ના સરપંચ, ઉપસરપંચ, અને ગામલોકો હાજર રહેલ હતા.

વનોના સંરક્ષણ, માવજત, ઉછેર થાય, વન્ય જીવોનું રક્ષણ, વનોની ઉપયોગીતા, માનવ જીવનમાં વનો અને વન્યપ્રાણીનું મહત્વ, વન્યજીવોને નુકસાન વગેરે બાબતોની સમજ આપવા માં આવી. આ પ્રસંગે સંજેલી રેન્જમાં પણ કાવડાના મુવાડા ગામમાં આવેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી કુલ ૭૦ ગ્રામજનો સ્ટાફ સહિત ઉત્સાહભેર ચર્ચા કરી પ્રશ્નોતરી કરી અને આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો.

આ પ્રસંગના ભાગરૂપે બારીયાના નાયબ વન સંરક્ષક આર. એમ. પરમારના માર્ગદર્શન તેમજ મ.વન સંરક્ષકની સૂચનાથી બારીયા તાલુકાના પંચેલા ગામે બારીયા નોર્મલ રેન્જ તથા સામાજિક વનીકરણ રેંજ બારીયા ના સંયુક્ત ઉપક્રમે પરિક્ષેત્ર વન અધિકારી બારીયા દ્વારા વન્યજીવ તથા પર્યાવરણ સંરક્ષણ તેમજ સંવર્ધન વિશે ગામ લોકો ને જાગૃત કરવામાં આવ્યા. કુલ સ્ટાફ સહિત ૫૦ લોકો હાજર રહયા હતા. વિવિધ પ્રકારના સાપો વિશે ગ્રામજનોને વિસ્તૃત સમજણ સાપના નમૂના બતાવી આપવામાં આવી હતી.

## દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી રૂપિયા ૩૦૫ ની લાંચ લેતા રંગેહાથ ACBમાં ઝડપ્યો

દે.બારીયા,

દેવગઢ બારિયા તાલુકાના પિપલોદ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી રૂપિયા ૩૦૫ની લાંચ લેતા રંગે હાથ ઝડપાતા તલાટી આલમમાં ફફડાટ.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીયા તાલુકાનાં પિપલોદ ગામે રહેતા એક જાગૃત નાગરિકે નવું મકાન બનાવી તેની નોંધણી પીપલોદ ગ્રામ પંચાયત માં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા રાજેન્દ્રસિંહ વિઠ્ઠલભાઈ પટેલ પાસે નોંધણી કરાવવા જતા ત્યારે આ તલાટી-કમ-મંત્રીએ જાગૃત નાગરિક પાસે મકાનનો વેરો વસૂલી લઇ તેની પાવતી આપવાના બદલામાં તલાટી-કમ-મંત્રી આર.વિ. પટેલે રૂપિયા ૫૦૦ની લાંચની માંગણી કરેલ ત્યારે અરજદાર તલાટીને લાંચ આપવા માંગતા ન હોય જેથી આ જાગૃત નાગરિક દ્વારા એ.સી.બી. ની વડી કચેરીના ટોલ ફ્રી નંબર ઉપર સંપર્ક કરી પંચમહાલ એ સી બી ગોધરા ખાતે ફરિયાદ આપતા ફરિયાદીની ફરિયાદના આધારે પંચમહાલ એસીબી દ્વારા આજ રોજ લાંચનું છટકું ગોઠવી જાગૃત નાગરિક દ્વારા લાંચની રકમ આપતા રૂપિયા ૩૦૫ લેતાં રંગે હાથ ઝડપાઇ ગયેલ જે બનાવની જાણ વાયુવેગે પ્રસરતા અન્ય તલાટીઓ સહિત સરકારી કર્મીઓ મા ફફડાટ ફેલાઈ જવા પામેલ છે.

## દાહોદ ના NSS એકમની સ્વયંસેવીકા જાગૃતિ શર્મા ની Pre-RD પરેડમાં પસંદગી



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ NSS સ્વયંસેવીકા જાગૃતિ શર્માની Pre-RD પરેડ માટે પસંદગી થઈ છે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના એન.એસ.એસ. વિભાગની ટીમ એ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે Pre-RD પરેડ કેમ્પમાં ભાગ લીધો હતો. જેમાં યુનિવર્સિટીના બે એન.એસ.એસ. સ્વયંસેવકોની પસંદગી વેસ્ટ ઓનમાં થઇ છે. તેઓ તા.૧૧ થી ૨૨ ઓક્ટોબર જલગાંવ મહારાષ્ટ્ર ખાતે પરેડ કેમ્પમાં ભાગ લેશે અને ત્યાં પસંદગી થશે તો ૨૬મી જાન્યુઆરીના દિવસે દિલ્હી થનાર પરેડમાં ભાગ લેવાનો મોકો મળશે. નવજીવન સાયન્સ કોલેજ એન.એસ.એસ.ની સ્વયંસેવીકા જાગૃતિ શર્મા Pre-RD પરેડમાં પસંદગી પામીને યુનિવર્સિટી, સંસ્થા, કોલેજ અને દાહોદ જીલ્લાનું ગૌરવ વધારેલ છે. RD પરેડ દિલ્હી માટે પણ જાગૃતિ શર્માનું સિલેક્શન થાય એ બદલ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસ ડો.શ્રેયસ પટેલ, સંસ્થા, કોલેજ અને યુનિવર્સિટી પરિવાર શુભકામનાઓ અને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

## દે.બારીયાના રેગ્યુલર મામલતદાર રજા ઉપર ઉતરી જતા સરકારી કાર્યમાં ભારે વિલંબ થાય છે

દે.બારીયા,

દે.બારીયા તાલુકાના રેગ્યુલર મામલતદાર એક સપ્તાહથી રજા ઉપર ઉતરી જતા તાલુકાની આમ જનતાને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. મળતી માહિતી અનુસાર હાલમાં લીમખેડાના મામલતદારના થકી દે.બારીયા મામલતદાર ઓફિસ લગતા સરકારી કાર્ય ગોકુળગતિ એ ચાલે છે પણ આ ક્યાં સુધી જનતાની વધારામાં વધારે જરૂરતના કાર્ય આવકના દાખલો, જાતિનો દાખલો મેળવવા માટે આમ જનતાને મેળવવા માટે ૩-૪ દિવસ ધરમના ધક્કા ખાવા પડે છે. સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે તથા અન્ય કાર્યો માટે રેગ્યુલર મામલતદારનું હોવું અત્યંત જરૂરી છે અને હાલના તબક્કે આવશ્યકતા પણ રહેલી છે. હાલમાં તલાટીઓની હડતાળ થી મામલતદાર ઓફિસમાં ધસારો દરેક વિભાગમાં જોવા મળે છે. ત્યારે રેગ્યુલર મામલતદાર રજા ઉપર ઉતરી જતા આમ જનતાની મુશ્કેલીઓમાં વધારો થવા પામ્યો છે. જેથી જીલ્લાના પદના અધિકારીઓ આ અંગે સોચ વિચાર કરીને વહેલી તકે રેગ્યુલર મામલતદાર પોતાની ફરજ ઉપર હાજર થાય તો દે.બારીયાની આમ જનતાની મુશ્કેલીઓ ઓછી થશે. તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

## દાહોદની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસશીપ ભરતીમેળો યોજાયો




દાહોદ,

ભારત સરકાર દ્વારા નેશનલ એપ્રેન્ટીસશીપ મેળા૨૦૨૧ અંતર્ગત સમગ્ર દેશમાં તા.૦૪ ઓકટોબરે એપ્રેન્ટીસશીપ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ ખાતે આજે જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસશીપ ભરતીમેળો યોજાયો હતો.

આ વેળા યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાનોને સંબોધતા કલેકટર ડો. હર્ષિત ગોસાવીએ વહીવટી તંત્ર દ્વારા યુવાનો સ્વનિર્ભર બને એ માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યાં હોવાનું જણાવ્યું હતું. જિલ્લામાં આ માટે સમયાંતરે ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. તેમજ યુવાનોને વિવિધ રોજગાર-ધંધા માટે જરૂરી માર્ગદર્શન માટેની પણ તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

તેમણે જણાવ્યું કે, આ એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં આવેલી વિવિધ વ્યવસાયોમાં એકમોની માંગ અનુસાર યુવાનોને તાલીમ આપી રોજગારીની તકોમાં વધારો કરવાનો તથા ઔદ્યોગિક એકમોમાં ગુણવત્તાસભર ઉત્પાદનનું પ્રમાણ વધારવા માટે કુશળ કારીગરો પુરા પાડવાનો છે. સરકારના સ્કિલ ઈન્ડિયા મિશન અંતર્ગત કુશળ કારીગરો પૂરા પાડી શકાશે. કેન્દ્ર સરકાર દ્વારા તાલીમાર્થીને રૂ. ૧૫૦૦ અને મુખ્યમંત્રી એપ્રેન્ટિશશીપ તાલીમ યોજના અંતર્ગત ડિપ્લોમા ધારક તાલીમાર્થીને રૂ. ૨૦૦૦ અને સ્નાતકને રૂ. ૩૦૦૦ આપવામાં આવે છે.

આ ભરતીમેળામાં જીલ્લાના વિવિધ એકમો તેઓની એપ્રેન્ટીસશીપ વેકેન્સી સાથે ઉપસ્થિત રહ્યાં હતા. આ ભરતી મેળામાં વિવિધ સંસ્થાઓ દ્વારા ૬૨ થી વધુ જગ્યાઓ માટે ભરતી માટે યોજાયો છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય કે.બી. કણઝારિયા, આચાર્ય મુનિરા કાંચવાલા સહિતનાં અધિકારીઓ-કર્મયોગીઓ સહિત એપ્રેન્ટિશશીપ યોજનામાં જોડાવા ઈચ્છતા યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદમાં સાયબર ક્રાઈમ અને ઈન્વેસ્ટીગેશન પર સેમીનાર યોજાયો



દાહોદ,

પોલીસ અધિક્ષક અને જિલ્લા સરકારી વકીલ, દાહોદ દ્વારા સાયબર ક્રાઈમ અને ઈન્વેસ્ટીગેશન પર દાહોદ નગરમાં એક સેમીનાર યોજાયો હતો. જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં એડીશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એસ.આઈ. ભોરણીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતા અને પ્રાંસગિક પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે જણાવ્યુંકે, અત્યારના સમયમાં જયારે સાયબર ક્રાઈમ વધી રહ્યાં છે ત્યારે એ જરૂરી છે કે આ પ્રકારના ક્રાઈમને ડામવા માટે પોલીસ તંત્ર પણ સજ્જથાય. જિલ્લા પોલીસ તંત્રને પણ સમયાંતરે વિવિધ તાલીમના માધ્યમથી ટેક્નોલોજીના ફિલ્ડમાં સજ્જકરવામાં આવી રહ્યાં છે. જેથી આવા પ્રકારનાં ગુનાઓને ઝડપથી ઉકેલી શકાય અને રોકી શકાય. સાયબર ક્રાઈમ બાબતે જનજાગૃતિ પણ એટલી જ જરૂરી છે. આ કાર્યક્રમનો લાભ જિલ્લાના પોલીસ અધિકારીઓ તેમજ જિલ્લા સરકારી વકીલ પી. જે. જૈન સહિતનાં સરકારી વકીલઓએ લીધો હતો. નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનાં નિષ્ણાંત ડો.દિગ્વીજયસિંહ રાઠોડે સાયબર ક્રાઈમ અને ઈન્વેસ્ટીગેશનના ક્ષેત્રના તમામ પાસાઓની સરળ તેમજ રસાળ શૈલીમાં સમજ આપી હતી.

## સીંગવડના મલેકપુર ગ્રામ પંચાયતની સરપંચની ચુંટણીમાં OBC સીટ ફાળવવા આવેદન

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના મલેકપુર ગામે ગ્રામ પંચાયતની ચુંટણીમાં સીટ ગુજરાત સરકારે બહાર પાડેલ રોટેશન શિડ્યુલના નિયમ પ્રમાણે વારા ફરતી સરપંચની સીટ ફાળવવા બાબતે મલેકપુરના ગ્રામજનો દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી. આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, સીંગવડ તાલુકાના મલેકપુર ગ્રામ પંચાયતમાં સરપંચની ચુંટણીમાં પંચાયતી રાજનો થયો ત્યારથી આજદિન સુધી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (ઓ.બી.સી.) સમાજની વસ્તી હાવા છતાં આજદિન સુધી સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ બક્ષીપંચની સીટ ફાળવણી કરવામાં આવી નથી. ઓ.બી.સી. સમાજની વસ્તી ધોરણ હોવા છતાં પણ સમાજને અન્યાય કરવામાં આવે છે તેવા પણ આપવામાં આવેલ આવેદનપત્રમાં આક્ષેપો કરવામાં આવ્યાં હતાં. આવેદનપત્રમાં વધુમાં જણાવ્યાં અનુસાર, સીંગવડ તાલુકાના મલેકપુર ગ્રામ પંચાયતની ચુંટણીમાં સરપંચની સીટ વખતો વખત એકધારી અનુસુચિત જન જાતિ (એસ.ટી.) ને સરપંચની સીટ ફાળવણી કરવામાં આવેલ છે અને ઓ.બી.સી. સમાજને અન્યાય કરવામાં આવે છે જેથી કરીને આ વખતે ગ્રામ પંચાયત મલેકપુરમાં સરપંચની ચુંટણીમાં ઓ.બી.સી. વર્ગને સરપંચની સીટ ફાળવવામાં આવે અને યોગ્ય ન્યાય મળે તે માટે દાહોદ જિલ્લા કલેક્ટરને મલેકપુરના ગ્રામજનો દ્વારા આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.



યુ.પી. લખીમપુર ખાતે ખેડુતોના નરસંહાર અને લોકશાહીની હત્યાના વિરોધમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવાનું નક્કી થયેલ હોય જેના ભાગરૂપે દાહોદ કોંગ્રેસ સમિતિ દ્વારા નગર પાલિકા ખાતે સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

## દેવગઢબારીયા તાલુકાના ગામડામાં તંત્રની બેદરકારીના લીધે ટાઇફોઇડ અને ડેન્ગયું જેવા વકરતા રોગો

દે.બારીયા,

દેવગઢબારીયા તાલુકાના ગામડા માં હમણાં થોડા દિવસ થી ઋતુજન્ય રોગોનું પ્રમાણ વધી રહ્યું હોવાની જાણકારી મળી છે. ચોમાસુ સત્રના પ્રારંભમાં તાવ, શરદી, ખાંસી જેવા રોગો એ ગામડામાં જાણે કે રોગોની સામાન્યતઃ શરૂઆત કરી હતી. અને ગામડાના લોકો સરકારી દવાખાને કોરોના વાઈરસ પોઝિટિવ કાઢશે તેવી બીકના લીધે સરકારી દવાખાને જવાનું ટાળતા હતા અને ખાનગી દવાખાનાના ડોકટરો એ જાણેકે લોકડાઉનની ઓફ સીઝનની કમાણી હમણાં કરી લીધી હતી.

દેવગઢબારીયા તાલુકાના મોટાભાગના ગામડામાં હમણાં ટાઈફોઈડ અને ડેન્ગયુના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. કેટલાય ગામડામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ આવેલા છે, છતાં પણ દર્દીઓ આ સરકારી દવાખાને જતા નથી. જેના કારણે સરકારી દફ્તરે ડેન્ગયું જેવા રોગોના દર્દીઓની કોઈ નોંધ નથી. હમણાં વીસ દિવસ પહેલા મોટીઝરી ગામના એક છોકરાનું ગોધરા ખાતે ડેન્ગયુમાં મોત થયુ હતું. જે આખા ગામમાં જગજાહેર છે. ગામડાના દર્દીઓ મોટાભાગે ખાનગી દવાખાને સારવાર કરાવતા હોય છે અને લેબોરેટરી રિપોર્ટ પણ ત્યાં જ કરાવતા હોય છે. દેવગઢબારીયા નગરમાં પણ ખાનગી લેબોરેટરી વાળા દર્દીઓને કોઈ બિલ આપતાં નથી અને લેબોરેટરીની થતી ફી ઉપરાંતની વધારે ફી વસુલ કરી ગામડાના દર્દીઓને રિપોર્ટ આપી દેતા હોય છે અને મોટભાગના રિપોર્ટ હાલમાં ટાઈફોઈડ અને ડેન્ગયુના આવતા હોવાની ખાનગી માહિતી મળી છે.

સરકારી તંત્રના આરોગ્ય વિભાગ દ્વારા ગામડા સર્વે હાથ ધરવામાં આવે તો કેટલાય દર્દીઓ ડેન્ગયુ જેવા રોગોના કેસ મળી શકે તેમ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.37

# ગોધરા તાલુકાના કલ્યાણા પંચાયતના સરપંચના ગેરવહીવટને લઈને પદ ઉપરથી દુર

ગોધરા,

ગોધરા તાલુકાના કલ્યાણા ગામના સરપંચ સામે ગેરરીતી અને બેદરકારી આચરવાના થયેલ આક્ષેપોની તપાસમાં કલ્યાણા ગામના સરપંચ દોષીત જણાતા પંચમહાલ જીલ્લાના બાહોશ જીલ્લા વિકાસ અધિકારીને કલ્યાણા ગામના સરપંચ વિક્રમસિંહ સામંતસિંહ ચૌહાણને સસ્પેન્ડ કરી દેતા જીલ્લાભરના ભ્રષ્ટ સરપંચોમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે જીલ્લા વિકાસ અધિકારીએ કરેલ તપાસ અને તેઓની કાર્યવાહીને જીલ્લાના ગ્રામજનો બિરદાવી રહ્યા છે.

ગોધરા તાલુકાના કલ્યાણા ગ્રામ પંચાયતના સરપંચ વિક્રમસિંહ સામંતસિંહ ચૌહાણ દ્વારા ગ્રામ પંચાયતમાં વિકાસના કામો માટે આવતી વિવિધ ગ્રાન્ટોમાં ભારે ગેરરીતિઓ આચરી પોતાનું મનસ્વી વહીવટ આચરી ઉચાપત કર્યુ હોવાના આક્ષેપો સાથેની રજુઆત સ્થાનિક ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી. કલ્યાણા ગામના સ્થાનિક ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ આક્ષેપોની સ્થળ તપાસ અને ગ્રામજનોના લીધેલ નિવેદનો તેમજ વિવિધ ગ્રાન્ટો માંથી થયેલ વિકાસના કામો બતાવો ગ્રાન્ટનો ઉપયોગ માત્ર કાગળ પર ન કામો પૂર્ણ હોવાનું બતાવો ગ્રાન્ટન નાણાંની ઉચાપત કરી હોવાનું સામે આવતા જીલ્લા વિકાસ અધિકારીએ કલ્યાણા ગામના સરપંચને સસ્પેન્ડ કરી દીધા છે.

ગ્રામ પંચાયત કલ્યાણા હાલના સરપંચશ્રી દ્વારા જે મંજુર થયેલ કામો જે કામોના ખર્ચ પાડવામાં આવેલ છે. તે કામો પૂર્ણ કરેલ છે.પરંતુ તેઓએ વર્ષ : ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં મંજુર થયેલ કામોના વર્ક ઓર્ડર મેળવેલ હોવા છતા સમયસર પુર્ણ કરેલ નથી



તેમજ ગ્રામ પંચાયત કલ્યાણાના સામાન્ય રોકડમેળ અને વાઉચર ફાઈલ જોતા યોગ્ય રીતે નિભાવેલ નથી તેમજ ગ્રામ પંચાયતે નિભાવવાના થતા રજીસ્ટર (નમુના) નિભાવેલ નથી થયેલ કામોના અત્રે રજુ કરેલ મિલકત પત્ર તથા સામાન્ય સભા ફરજીયાત બોલાવવાની ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ -૯૧ ની જોગવાઈઓમાં પંચાયતનું મિલકત રજીસ્ટરમાં વિસંગતતા જણાય છે. તેમજ સરપંચએ દર માસે ગ્રામ પંચાયતની ઉલ્લંઘન કરેલ હોવાનું જણાઈ છે. તેમજ વર્ષ - ૨૦૧૯-૨૦,૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના સામાન્ય રોજમેળ તથા વાઉચર ફાઈલની ચકાસણી કરતાં વાઉચર ફાઈલ નિયમોનુસાર નિભાવેલ નથી. તેમજ સરપંચને મળેલ પ્રકાર ઉપરની રકમના ખર્ચ કરવા અંગે સક્ષમ અધિકારીની મંજુરી મેળવેલ ન હોય ગુજરાત પંચાયત અધિનિમ ૧૯૯૩ ની કલમ-૫૫ (૧), (૨), (ક) ની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયતમાં સરપંચ કારોબારી વડા છે. તેથી વહીવટી સત્તા તેમની છે અને જવાબદારી પણ તેમની જ છે. જે સત્તાનો દુરઉપયોગ કરેલ હોવાનું અને કાર્યો બજાવવામાં કસુર કરેલ હોઈ કલમ-૫૭ મુજબ આગળની કાર્યવાહી કરવા અત્રે અભિપ્રાય આપેલ છે.

**ગોધરા તાલુકા વિકાસ અધિકારીના તપાસ અહેલાવમાં કલ્યાણા સરપંચ વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માં મંજુર થયેલ કામોના વર્ક ઓર્ડર મેળવેલ હોવા છતાં સમયસર પૂર્ણ કરેલ નથી. પંચાયતમાં રોકડ મેળ અને વાઉચર ફાઈલ જોતા યોગ્ય શરતો નિભાવેલ નથી. સરપંચ તરીકેની ફરજ પ્રત્યે દુવર્તન દાખવી મનસ્વી રીતે ફરજો બજાવેલ છે.**

**કલ્યાણા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ૨૦૧-૨૦ થી ૨૦૨૦-૨૧ દરમિયાન પંચાયતના વિકાસના કામોમાં બેદરકારીને ગેરરીતિ આચરવામાં આવી હોય તેવા તપાસ રીપોર્ટના આધારે જીલ્લા વિક્રાસ અધિકારી દ્વારા સરપંચ પદ ઉપર દુર કરવામાં આવ્યા છે. ત્યારે પ્રશ્ન થાય છે ગ્રામ પંચાયતનો વહીવટ માત્ર સરપંચ દ્વારા ચાલતો નથી. જે તે સમયના તલાટી કમ મંત્રી જે સરકારી કર્મચારી છે. તેના દ્વારા સરપંચની મનમાની અને મનસ્વી વહીવટને કેમ છાવરવામાં આવ્યો તે બાબતે જે તે સમયના તત્કાલીન તલાટીઓની તપાસ કરાઈ છે ખરી ?**

**કલ્યાણા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ૨૦૧૮-૧૯માં જાન્યુઆરી થી માર્ચ અને વર્ષ ૨૦૧૯-૨૦ થી સતત નવ માસ સુધી સરપંચ દ્વારા નિયમોનુસાર ગ્રામસભા બોલાવેલ નથી.**

સરપંચએ દર માસે ગ્રામ પંચાયતની સામાન્ય સભા ફરજીયાત બોલાવવાની થાય છે. જે ગ્રામ પંચાયતના અદયક્ષ તરીકે બેઠક બોલાવેલ ન હોવાથી જેથી એમ માનવાને પુરતુ કારણ રહે છે કે, તમોએ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૯૧ ની જોગવાઈઓનુ ઉલ્લંઘન કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ છે. તેમજ વર્ષ ૨૦૧૯-૨૦,૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના સામાન્ય રોજમેળ તથા વાઉચર ફાઈલની ચકાસણી કરતાં વાઉચર ફાઈલ નિયમોનુસાર નિભાવેલ નથી. તેમજ સરપંચને મળેલ અધિકાર ઉપરની રકમના ખર્ચ કરવા અંગે સક્ષમ અધિકારીની મંજુરી મેળવેલ ન હોવાનું જણાઈ આવેલ છે. જેથી સરપંચ એ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૫૫ (૧) (૨) (ક) ૧,૨,૪,૫,૬,૭ તથા સમજુતી પેટા કલમ (૧) અને પેટા કલમ (૨) ની વિગતો જોતા આ કિસ્સામાં સરપંચ તરીકે તમોને સુપ્રત થયેલ કાર્યો અને ફરજો બજાવવામાં બેદરકારી દાખવેલ હોવાનું જણાઈ આવે છે. જે જોતાં સરપંચ તરીકે તમોએ તમારી ફરજ પ્રત્યે દુવર્તન દાખવી મનસ્વી રીતે ફરજો બજાવેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. જેથી તમારી સામે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૫૭ (૧) હેઠળની કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

## હાલોલ મેઘદુત સોસાટીમાં ઘરફોડ ચોરીના આરોપીને LCB પોલીસે ૧.૧૩ લાખ રોકડ અને બાઈક સાથે ઝડપ્યો

હાલોલ,

હાલોલ નગરના ગોધરા રોડ પર આવેલ મેઘદૂત સોસાયટીમાં થયેલ ઘરફોડ ચોરીનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી ગોધરા એલસીબી પોલીસે બાતમીને આધારે એક આરોપીને ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મોટરસાયકલ તેમજ ૧,૧૩,૦૦૦/- રૂ રોકડા સાથે હાલોલ જીઆઈડીસી નજીક ચંદ્રપુરા ચોકડી પાસેથી ઝડપી પાડી અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કરીને આરોપીને હાલોલ પોલીસને હવાલે કરી તેના બે જોડીદારોને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત અઠવાડિયે હાલોલ નગરના ગોધરા રોડ પર આવેલ મેઘદૂત સોસાયટીના એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ચોરી કરેલ હતી. ત્યારે ગોધરા એલસીબી પોલીસને બાતમી મળેલ હતી કે, ઉપરોક્ત ચોરીનો આરોપી ચોરી કરવામાં વપરાયેલ મોટરસાયકલ લઈને ખાખરીયા રોડ તરફથી હાલોલ જીઆઈડીસી તરફ આવી રહ્યો છે. જેથી પોલીસે ચંદ્રપુરા ચોકડી ખાતે વોચ ગોઠવતા ઉપરોક્ત બાતમી વાળી મોટરસાયકલ આવતા તેને રોકી એક ઈસમને પકડી પાડી તેનું નામ ઠામ પુછતાં પોતાનું નામ રાજસીંગ માધુસીંગ સરદાર(ટાંક) રહે ડેસર તા. ડેસર જી. વડોદરા હોવાનું જણાવ્યું હતું. તેમજ તેની અંગજડતી કરતા ૧,૧૩,૦૦૦/- રૂા. રોકડા મળી આવ્યા હતા. જયારે તેને યુક્તિપૂર્વક પુછપરછ કરતા તેણે હકીકત જણાવેલ કે, ઉપરોક્ત મેઘદૂત સોસાયટીમાં તેણે તેના મિત્ર સુનીલસીંગ તોફાનસીંગ સરદાર (બાવરી), રહે. દુમાડ નવી નગરી જી. વડોદરા તથા ભીલસીંગ ઉર્ફે સંતોક રતનસીંગ સરદાર (ટાંક) રહે. સેવાલીયા તા.ગળતેશ્વર જી. ખેડા નાઓ ઉપરોક્ત મોટરસાયકલ લઈને આવીને ચોરી કરી સોનાચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા ની ચોરી કરેલ હતી. જે પેટેના ૧,૧૩,૦૦૦/-રૂા. રોકડા તેની પાસેથી મળી આવતા, એલસીબી પોલીસે મોટરસાયકલ સહિત રોકડા રૂપિયા કબજે કરી પકડાયેલ આરોપીને હાલોલ પોલીસને સોંપી અન્ય બે આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. આમ, એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં હાલોલ શહેરમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કર્યો હતો.

## વેજલપુર કન્યા શાળામાં જલ જીવન મિશન અંતર્ગત ગ્રામસભા યોજાઈ

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર ગામની કન્યા પ્રાથમિક શાળામાં ૨ જી ઓક્ટોમ્બરના રોજ જલ જીવન મિશન અંતર્ગત ખાસ ગ્રામસભા રાખવામાં આવી હતી. જેમા પંચમહાલ જિલ્લા માંથી સી.ડી.એચ.ઓ. અને વેજલપુર તાલુકા પંચાયત સભ્ય વેજલપુર ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી અને વેજલપુર પી.એચ.સી. ના ડોક્ટર આશા વર્કર અને નર્સ સહિત સ્ટાફ હાજર રહયો હતો સાથે આંગણવાડીની મહિલા કાર્યકરો પણ હાજર રહી હતી. ત્યારે વેજલપુર ગ્રામ પંચાયતના કેટલાક સભ્યો ગેરહાજર રહયા હતા. માત્ર બે જેટલા સભ્યોએ હાજરી આપી હતી અને મહિલા સરપંચ પણ ગેરહાજર રહયા હતા. જયારે જિલ્લા માંથી આવેલ સી.ડી.એચ.ઓ. દ્વારા ગામની ખાસ ગ્રામસભામાં સ્વચ્છતા અને જલ જીવનની મુદ્દા અંગે માર્ગદર્શન આપી



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

રહયા હતા. તે દરમિયાન આંગણવાડીની મહિલાઓ પોતાના મોબાઈલમાં એટલી વ્યસ્ત હતી કે, જિલ્લા માંથી આવેલ સી.ડી.એચ.ઓ.ની માર્ગદર્શનની પણ અવગણના કરી હતી અને પોતાના મોબાઈલ ચલાવવામાં એટલી વ્યસ્ત દેખાય હતી. બીજી તરફ એક બાજુ ગ્રામ સભાનું આયોજન કરાયું હતું અને એજ દિવસે માત્ર કન્યા શાળા આગળના ભાગે સફાઈ કામ ચાલી રહયું હતું. તો શું આવી ખાસ ગ્રામ સભાના દિવસે જ સફાઈ થાય છે, તો શું સફાઈ અગાઉ કેમ કરવામાં આવતી નથી. માત્ર જિલ્લા માંથી આવેલ અધિકારીઓ માટે જ સફાઈ કામ થાય છે. આ શાળામાં અભ્યાસ કરતા બાળકો અને ગ્રામજનો માટે કેમ સફાઈ કરવામાં આવતી નથી અને આ ખાસ ગ્રામસભાની અંદર એક વ્યક્તિ દ્વારા વેજલપુર ગ્રામ પંચાયત એ કોઈપણ પ્રકારનો ગામમાં વિકાસ કર્યો નથી. તેવા આક્ષેપો ગ્રામસભામાં કરવામાં આવ્યા હતા. બીજી તરફ એક વ્યક્તિએ પણ રજુઆત કરી હતી કે, પ્લોટ વિસ્તારમાં ચાર દિવસ થી પાણી નથી. આવતું પ્લોટ વિસ્તારમાં અનેક વખત વાયર બળી જાય છે. ક્યારેક મોટર બળી જાય છે. તેવી સમસ્યાઓ ઉભી થાય છે. જેના કારણે પ્લોટ વિસ્તારના લોકોને પાણી નથી મળતું જયારે આ ખાસ ગ્રામ સભામાં વેજલપુર તાલુકા પંચાયતના સભ્ય દ્વારા ગ્રામસભાની અંદર જાહેર કર્યું હતું કે, સરકારશ્રી દ્વારા સફાઈ કામ માટે ૬,૪૫,૦૦૦/- જેટલી વેજલપુર ગ્રામ પંચાયતમાં નવીન ગ્રાન્ટ આવેલ છે. જેથી હવે જોવાનું રહયું કે, સરકારશ્રી દ્વારા આવેલ ગ્રાન્ટ માંથી આખા વેજલપુર ગામની સફાઈ થશે ખરી કે પછી આખા ગામને ગંદકી વેઠવી પડશે તે હવે જોવું રહયું.

## કાલોલના ઉતરેડીયા ગામના ખેડુતો દ્વારા ગોમા નદી માંથી થતાં રેતી ખનનને રોકવા કાલોલ પોલીસને રજુઆત

કાલોલ,

કાલોલ તાલુકાના ઉતરેડીયા ગામ પાસેથી પસાર થતી ગોમા નદી માંથી થતાં ગેરકાયદેસર બેફામ રેતી ખનનને લઈ નદી કાંઠા વિસ્તારના ખેતરોનું ધોવાણ થઈ રહ્યું છે. સાથે કુવાના પાણીના સ્તર ઉંડે જતા ગ્રામજનો દ્વારા કાલોલ પોલીસને રેતી ખનન અટકાવવા લેખિત રજુઆત કરવામાં આવી છે.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદી ખેતી ખનન માફિયાઓ માટે સોનાની લગડી સમાન બની છે. સરકારી તંત્રના રોકટોક વગર ગેરકાયદેસર રેતી ખનનના વ્યસ્થા ફુલોફાલ્યો છે. તેમાં પણ કાલોલ તાલુકાના ઉતરેડીયા અને અગનપુરા ગામ વચ્ચે થી પસાર થતી ગોમા નદી માંથી થતાં ગેરકાયદેસર રેતી ખનનને લઈને ઉતરેડીયા અને સગનપુરા ગામના નદી કાંઠા વિસ્તારના ખેતરોનું ધોવાણ થઈ રહ્યું છે. સાથે રેતીના બેફામ ખનન ને લઈ કુવાના સ્તર ઉંડા ઉતરેલ છે. જેને લઈ ખેડુતોને ઉનાળાની સીઝનમાં ખેતીના પાણી માટે વલખાં મારવા પડે છે. જેને લઈ ખેડુતો ગોમા નદી માંથી રેતી ખનન ને રોકવા મેદાને પડયા છે. ગ્રામજનો દ્વારા રવિવારના રોજ ગોમા નદી માંથી રેતી ખનન કરતાં રોકવામાં આવ્યા. ગ્રામજનોના રેતી ખનનના વિરોધને જોતા કેટલાક રેતી ખનન માફિયાઓ નદી માંથી ટ્રેકટર લઈને નાશી છુટીયા હતા. જયારે હિટાચી મશીનને ગ્રામજનો દ્વારા ઝડપી પાડીને ખાણ-ખનિજ વિભાગને જાણ કરવામાં આવી હતી. ઉતરેડીયા ગામના ખેડુતો દ્વારા ગોમા નદી માંથી થતાં ગેરકાયદેસ રેતી ખનન ને રોકવા અને ખનન માફિયાઓને ઝડપી પાડવા માટે કાલોલ પોલીસને લેખિત રજુઆત કરવામાં આવી છે.

## ગોધરા રેડક્રોસ સર્કલ પાસેથી સ્કોડા ગાડી માંથી ૩૦ હજારનો દારૂનો જથ્થો LCB પોલીસે ઝડપ્યો



ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, સ્કોડા રેપીડ ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને પરવડી ચોકડી ગોધરા તરફ આવી રહ્યા છે. તેવી બાતમીના આધારે રેડક્રોસ પાસે નાકાબંધી કરી ઝડપી પાડવામાં આવ્યો. ગાડી માંથી ૩૦,૨૪૦/-રૂપીયાનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, સ્કોડા રેપીડ ગાડી નંબર જીજે.૦૬.એફ.કે.૬૮૧૧માં દારૂનો જથ્થો ભરીને પરવડી ચોકડીથી ગોધરા સિવિલ હોસ્પિટલ રોડ ઉપર પસાર થનાર છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડક્રોસ પાસે નાકાબંધી કરીને બાતમીવાળી ગાડીને રોકી હતી અને ચાલક રોહિત વિનોદકુમાર બારીયા રહે.વણાંકપુર ગોધરાને ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલ કારનું ચેકીંગ કરતા ગાડી માંથી રોયલ સીલેક્ટ વ્હીસ્કી કવાટરીયા નંગ-૨૮૮ કિંમત ૩૦,૨૪૦/-રૂપીયા તથા ગાડી મળીને ૧,૩૦,૨૪૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ તાલુકામાં આવેલા આંબાવાડિયા ગામમાં અચાનક મહાકાય ૧૪ ફૂટ લાંબો મગર



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

માનવ વસ્તીમાં આવી ચડીયો હતો. ત્યારે ગ્રામજનો દ્વારા શિવરાજપુર વન વિભાગની ટીમને જાણ કરાતા શિવરાજપુર વાઈલ્ડ લાઈફ રેંજના. આર.એફ.ઓ.આર.એન. પુવારને જાણ કરાતા તેમની સૂચના મુજબ વનવિભાગ શિવરાજપુર રેંજનો સ્ટાફ.પી. આર. ચૌહાણ તેમજ. વાય.જે. ભૂત તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ફ્રેન્ડસ.ઓફ.એનિમલ ટ્રસ્ટના પ્રેસિડન્ટ રિપલ. પટેલ અને તેમની ટીમ સાથે મળીને ભારે જહેમત બાદ ૧૪ ફુટ લાંબા મહાકાય મગરને સહીસલામત રીતે રેસ્કયું કરવામાં આવ્યું.

## દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવોમાં એક વ્યકિતનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે માર્ગ અકસ્માતના બે બનાવોમાં એકનું મોત નીપજ્યાનું જ્યારે એકને શરીરે, હાથે પગે ઈજાઓ થયાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના ફુલપરી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૮મી સપ્ટેમ્બરના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં દિપનગર સોસાયટીમાં રહેતાં નરેશભાઈ રમણભાઈ પ્રજાપતિની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં નરેશભાઈને હાથે પગે, શરીરે ઈજાઓ પહોંચી હતી. આ સંબંધે લીમડી દિપનગર સોસાયટીમાં રહેતાં રમણભાઈ ઉકારભાઈ પ્રજાપતિએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના ગમલા ગામે રોડ પર બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૦૨ ઓક્ટોમ્બરના રોજ બનવા પામ્યો હતો. જેમાં દાહોદ તાલુકાના કઠલા ગામે ગામતળ ફળિયામાં રહતાં ડાં. રાહુલભાઈ લબાના પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી લઈ ગમલા ગામેથી પસાર થઈ રહ્યાં હતા. ત્યારે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં ડાં. રાહુલભાઈ લબાનાએ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં ગાડી રસ્તાની સાઈડમાં ખાબકી પડી હતી અને જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું મોત નીપજ્યું હતું. આ સંબંધે કઠલા ગામે ગામતળ ફળિયામાં રહેતાં ઈન્દ્રસિંહ અભેસીંહ લબાનાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં NSS નો સ્વયંસેવક NSS ડેની ઉજવણીમાં સ્ટેટ લેવલે ઈન્સ્ટુમેન્ટ મ્યુઝિક સ્પર્ધામાં ઝળક્યા

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના સેમેસ્ટર ૩માં અભ્યાસ કરતો એન.એસ.એસ.નો સ્વયંસેવક પ્રથમ ભગતે એન.એસ.એસ. દિવસ ની ઉજવણીમાં સ્ટેટ લેવલે ઈન્સ્ટુમેન્ટ મ્યુઝિક સ્પર્ધામાં દ્વિતિય ક્રમાંક મેળવી કોલેજ, સંસ્થા અને ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,ગોધરાનું નામ રોશન કર્યું છે. એન.એસ.એસ. દિવસની ઉજવણીનું આયોજન ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ભુજ ખાતે રાખવામાં આવેલ હતું જેમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ની એન.એસ.એસ.ની ટીમ માં અત્રેની કોલેજના એન.એસ.એસ. ના સ્વયંસેવક પ્રથમ ભગતનું સિલેક્શન થયું હતું અને તેવોએ સ્ટેટ લેવલે ઈન્સ્ટુમેન્ટ મ્યુઝિક સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરી દ્વિતિય ક્રમાંક મેળવી કોલેજ, સંસ્થા અને ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,ગોધરાનું નામ રોશન કર્યું હતું. તે બદલ સંસ્થા, કોલેજ પરિવાર અને યુનિવર્સિટી પ્રથમ ભગતને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

## મહાત્મા ગાંધી જયંતી અને વન્ય પ્રાણી સપ્તાહ નિમિત્તે સાગટાળા રેન્જમાં વન્યપ્રાણી સંરક્ષણ અંગે લોક જાગૃતિ અને સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

દાહોદ,

મહાત્મા ગાંધી જયંતી અને વન્ય પ્રાણી સપ્તાહ નિમિત્તે સાગટાળા રેન્જમાં સાગટાળા ગામમાં વન્યપ્રાણી સંરક્ષણ અંગે લોક જાગૃતિ કાર્યક્રમ, પ્રકૃતિ શિક્ષણ અંગે સાહિત્ય વિતરણ, મૌલિક ચર્ચા, રોપા વિતરણ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાગટાળા રેન્જ, સામાજિક વનીકરણ રેન્જ, બારીયા વન વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, સાગટાળા ગામના સરપંચ, ઉપસરપંચ, તલાટી ગામના વડીલો અને ગ્રામજનો હાજર રહ્યાં હતા. વનોના સંરક્ષણ, માવજત, ઉછેર થાય, વન્ય જીવોનું રક્ષણ, વનોની ઉપયોગીતા, માનવજીવનમાં વનો અને વન્યપ્રાણીનું મહત્વ વિશે સમજ અપાઈ હતી. ગ્રામજનોએ ઉત્સાહભેર ચર્ચા કરી પ્રશ્નોતરી કરી અને આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો. આ ઉપરાંત ધાનપુર રેન્જ દ્વારા સાફસફાઈ, પ્લાસ્ટીક કચરો ભેગો કરવાનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

## દાહોદ જિલ્લાની ત્રણ તાલુકા પંચાયત બેઠકોની પેટા ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન

દાહોદ,

દાહોદ જીલ્લાની ત્રણ તાલુકા પંચાયતની પેટા ચૂંટણી માટે આજે ત્રીજી ઓક્ટોબરના રોજ સવારના સાત વાગ્યાથી મતદાન મથકો ઉપર મતદાન શરૂ થયું છે. ત્યારે દાહોદ તાલુકાની આગાવાડા બેઠક, ગરબાડા તાલુકાની સીમલિયા બુઝર્ગ બેઠક અને દેવગઢ બારીઆ તાલુકાની કેલીયા બેઠકની તાલુકા પંચાયતની ખાલી પડેલી ત્રણ બેઠકો ઉપર મતદાન મતદારો મતદાન માટે સવારથી જ લાઈનોમાં લાગેલા છે. મતદારોમાં પણ ચૂંટણીને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસ એમ બંને પાર્ટીના ઉમેદવારો વચ્ચે સીધો જંગ જોવા મળી રહ્યો છે. ગોઠવવામાં પાંચ વાગ્યા બાદ મતદાન પૂર્ણ થતા દાહોદ થી આગાવાડા બેઠક પર સરેરાશ ૬૦ ટકા મતદાન, ગરબાડાની સીમલીયા બુઝર્ગ બેઠક પર સરેરાશ ૫૫.૯૨ ટકા મતદાન તેમજ દેવગઢ બારિયાના કેલિયા બેઠક પર ૭૨ ટકા મતદાન નોંધાયું હતું. જોકે મતદાન બાદ તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થશે અને ચૂંટણી મા થયેલ મતદાનની ગણતરી બાદ ઉમેદવારો ના હાર જીત નું પરિણામ જાણી શકાશે.